કિંમત રૂ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર મહિનાની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૮૮/૧૮૯ ● માર્ચ-એપ્રિલ ૨૦૧૫



પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ એક


મંદિરની સમૂહ આરતી
જય શ્રીસ્વામિનારાયણ

**સંસ્થાપક**
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.in

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**

**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (મહંત સ્વામી)
**Mo. : 9313719232**
**પત્રવ્યવહાર**
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
**Mo. : 9313706095**
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦



# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

**વર્ષ - ૧૬ (મૂળ વર્ષ ૫૬) ● અંક : ૧૮૮/૧૮૯ ● માર્ચ/એપ્રિલ-૨૦૨૩**

### અ નુ ક્ર મ ણિ કા

| | | |
|---|---|---|
| ૦૧ | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨ | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | અહેવાલ અને સંસ્મરણ | ૦૬ |
| ૦૪. | શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી અમૃત વચનો | ૩૬ |

# અસ્મદીયમ્

આપણા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રત્યક્ષ પ્રમાણ આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા વિરાજમાન છે. અને આપણે સૌ તેમની મૂર્તિમાં તેમને સાક્ષાત્ પ્રગટ સમજીને ભક્તિ ઉપાસના કરીએ છીએ. તેથી મોટા મોટા પર્વો અને ઉત્સવો ઉજવીએ છીએ ત્યારે તે સંપૂર્ણ નિર્વિઘ્નપણે સાંગોપાંગ ઉજવાય છે, અને તેમાં દર્શને આવનારા સૌ ભક્તોને પરમાનંદ મળે છે. કારણ કે આપણે પ્રગટના ભક્ત છીએ તે મહારાજે સ્વયં વચનામૃતમાં કહ્યું છે. શ્રીકૃષ્ણ ભગવાનનો પ્રત્યક્ષપણે નિશ્ચય કર્યો હોય અને તેની ભક્તિ કરતો હોય અને તેમનાં દર્શન કરતો હોય તો પણ જે પોતાને પૂર્ણકામ ન માને અને અંતઃકરણમાં ન્યૂનતા વર્તે, જે ગોલોક વૈકુંઠાદિક ધામને વિષે જે આ ભગવાનનું તેજોમય રૂપ છે તે મને જ્યાં સુધી દેખાણું નથી ત્યાં સુધી મારૂં પરિપૂર્ણ કલ્યાણ થયું નથી. એવું જેને અજ્ઞાન હોય તેના મુખથી ભગવાનની વાત પણ ન સાંભળવી. માટે જેને ભગવાનને વિષે અનન્ય નિષ્ઠા હોય તેને પ્રત્યક્ષ ભગવાન વિના બીજું કાંઈ ઈચ્છવું નહિ. આ શ્રીજી મહારાજના વચન પ્રમાણે પર્વ અને ઉત્સવ વિના આપણે કાંઈ ઈચ્છતા નથી.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ

દર્શનીય હવેલી મૂળીધામ



twitrounds.com

# પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(માર્ચ-૨૦૨૩)**

૨૫ ભુજ મંદિર શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની પત્રિકા આપવા આવેલા સંત-હરિભક્તોને દર્શન આપવા સભામાં પધાર્યા

૩૦ રામનવમી-શ્રીહરિ પ્રાકટ્યોત્સવદિને અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર અક્ષરભુવનમાં બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે ષોડશોપચાર મહાભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.

# પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



**(ફેબ્રુઆરી-૨૦૨૩)**

૧ થી ૧૬ અમેરિકા જેકશન વિલે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી, ત્યાંથી સીનસિનાટી ચેપ્ટરમાં પધરામણી

૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ ફાગણ સુદ-૩ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ૨૦૧ માં પાટોત્સવ પ્રસંગે ષોડશોપચાર મહાભિષેક પોતાના વરદ્ હસ્તે કરી સભામાં આશીર્વાદ આપવા પધાર્યા.

**(માર્ચ-૨૦૨૩)**

૧ શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપ ગામ ભાઈઓનો ૩૮ અને બહેનોના મંદિરમાં ૨૪ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયા મંદિર ૧૬ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી

૮ શ્રી નરનારાયણદેવના ફુલદોલોત્સવ પ્રસંગે અમદાવાદ મંદિરના પ્રસાદીના ચોકમાં રંગોત્સવ, ફુલદોલોત્સવ રમ્યા.

૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર લીલાપુર (બહેનોનું) (મૂળી દેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૨ મૂળી મંદિર દ્વારા ઉજવાયેલ "ઉત્સવ" માં સેવા કરનાર સ્વયંસેવકોના સન્માન પ્રસંગે પધરામણી,
શ્રી સ્વામિનારાયણ મંદિર રામપરા (મૂળીદેશ) ૫ માં પાટોત્સવ પ્રસંગે પારાયણ નિમિત્તે પધરામણી.

૧૫ સ્વામિનારાયણ મંદિર જેતલપુર શ્રી રેવતીજી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો મહાભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો ત્યાર બાદ નૂતન ભોજનાલયનું ઉદ્‌ઘાટન પોતાના વરદ્ હસ્તે કરી સભામાં આશીર્વાદ આપવા પધાર્યા.

૧૮-૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર કોટા (રાજ.) નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૨૫ ભુજ મંદિર શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની પત્રિકા આપવા આવેલા સંત-હરિભક્તોને દર્શન આપવા સભામાં પધાર્યા

૨૬ શ્રી સ્વામિનારાયણ મંદિર રણજીતગઢ (બહેનોનું) (મૂળી પ્રદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૨૯ શ્રી સ્વામિનારાયણ મંદિર પાણશીણા (મૂળી પ્રદેશ) ગામે ઠાકોરજીની આરતી ઉતારી સભામાં આશીર્વાદ પાઠવ્યા.

૩૦ રામનવમી-શ્રીહરિ પ્રાકટ્યોત્સવદિને અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર અક્ષરભુવનમાં બાલ સ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે ષોડશોપચાર મહાભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.



મૂળી ઉત્સવ

# અહેવાલ

नविनजीमृतसमानवर्णं रत्नोल्लसत्कुण्डलशोभिकर्णम् ।
महाकिरीटाग्रमयूरपर्णं श्रीराधिकाकृष्णमहं नमामि ॥

પોતાના આશ્રિતોના આત્યંતિક કલ્યાણ માટે ભગવાન શ્રી સ્વામિનારાયણના ત્રણ ગૂઢ સંકલ્પ પૈકીનો પ્રથમ સંકલ્પ એટલે ઉપાસનાની શુદ્ધિ અર્થે મંદિરો કરી પોતાના સ્વરૂપો પધરાવવા. આ સંકલ્પને સાકાર કરવા માટે શ્રીહરિએ ગુજરાતની ધરા પર નવ-નવ મહામંદિરોનું નિર્માણ કરાવી સ્વસ્વરૂપોની પ્રતિષ્ઠા સ્વહસ્તે કરી. સમગ્ર ભરતખંડ મધ્યે ગુજરાતના આ મંદિરોના મહિમાને સ્વયં શેષનારાયણ સહસ્ત્ર મુખે ગાય તો પણ પાર ન પામે ત્યારે આપણી શી વિસાત ! જે જન જેટલો મહિમા જાણે તે જન એટલું સુખ માણે ! આ મંદિરો પૈકી દ્વિતીય ક્રમે મૂળી મંદિરને વિ.સં. ૨૦૭૯ ના વસંત પંચમીના શુભ દિને ૨૦૦ વર્ષ પૂર્ણ થવાથી દ્વિશતાબ્દી મહોત્સવ **‘ઉત્સવ’** નામાભિધાન સાથે મંદિરમાં બિરાજમાન મહાપ્રતાપી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની અસીમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ દેશ ગાદી પીઠાધિપતિ **પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી**

# મૂળી ઉત્સવ સંસ્મરણો

**મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી, પ.પૂ. ભાવિ આચાર્યશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને અને તેઓશ્રીના જ સંપૂર્ણ માર્ગદર્શનથી, સમગ્ર ધર્મકુળ પરિવાર**ના સાનિધ્યમાં તેમજ ધામોધામના વિદ્વાન બ્રહ્મનિષ્ઠ સંતો, સાંખ્યયોગી માતાઓ અને લાખો હરિભક્તોની ઉપસ્થિતિમાં ભવ્યાતિભવ્ય અને દિવ્યતાથી તેમજ ખૂબ જ ઉમંગ અને હર્ષોલ્લાસ સાથે તા. ૨૦-૦૧-૨૦૨૩ થી તા. ૨૬-૦૧-૨૦૨૩ પર્યંત સ.ગુ. શ્રી બ્રહ્માનંદ નગર મૂળી ધામમાં ઉજવાયો.

આ મહામહોત્સવ અંતર્ગત ભવ્ય પોથીયાત્રા, મહોત્સવ ઉદ્‌ઘાટન, દીપપ્રાગટ્ય, શ્રીમદ્ સત્સંગિભૂષણ ગ્રંથરાજની કથા પારાયણ, તેમજ અનેકવિધ સત્સંગ સંવર્ધનલક્ષી કાર્યક્રમો જેવા કે, મહિલા મંચ, યુવા મંચ, રાત્રિ કાર્યક્રમો, સામાજીક સેવા, મેડિકલ કેમ્પ, પર્યાવરણ લક્ષી સેવા, આરોગ્ય, જનજાગૃતિ, માનવજીવન ઉત્થાન સભર, પ્રેરણાત્મક અવનવા અનેક આયોજનો ઉપરાંત દેવોને દરરોજ અલગ અલગ અન્નકૂટ, છપ્પનભોગ, રાજોપચાર, પૂજા, પુષ્પાભિષેક, પંચામૃત અભિષેક, ભવ્ય સમૂહ મહાપૂજા, વિશાળ શ્રીહરિયાગ આદિક અનેક આ મહામહોત્સવમાં મહાદિવ્યાનંદ અસંખ્ય હરિભક્તોએ માણ્યો. જેમણે પણ આ મહોત્સવમાં તન, મન, ધનથી સેવા કરી તેમનું મુળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ, હરિકૃષ્ણ મહારાજ આદિક દેવો સર્વ પ્રકારે રૂડું કરશે એ ચોક્કસ વાત છે.

(મહંત સ.ગુ. શાસ્ત્રી
સ્વામી હરિપ્રકાશદાસજી - મૂળીધામ)

**પત્રિકાલેખન અને વિજય સ્તંભ સ્થાપન :** રાધાકૃષ્ણદેવના ચરણોમાં અમદાવાદ તથા મૂળી દેશના વરિષ્ઠ સંતો સાથે બેસીને પ.પૂ. મહારાજશ્રીએ શ્રીરાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની છાપ પ્રતિકૃતિવાળી કુમકુમ પત્રિકા સૌ પ્રથમ શ્રી રાધાકૃષ્ણદેવને અર્પણ કરી પછી વિમોચન કરીને શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોની સાખ્ય (સહી) વાળી આ પત્રિકા દ્વારા સૌ ભક્તજનો તથા ધર્મપ્રેમી જનતાને આ **ઉત્સવ**માં તન, મન, ધનથી સેવા તથા સત્સંગનો લ્હાવો લેવા પધારવા નિમંત્રણ પાઠવ્યું.



## પૂર્વ તૈયારી




પદયાત્રા
પ્રેરણા
પત્રિકા લેખન
વિજય સ્તંભ સ્થાપન

# પોથીયાત્રા



**યશસ્વી યજમાનશ્રીઓનું યોગદાન : ઉત્સવ** પછી ધાર્મિક હોય કે સામાજિક, ડગલે ને પગલે ખૂબ મોટી ધનરાશીની જરૂર પડે પરંતુ મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયમાં નારાયણની સાથે લક્ષ્મીજી પણ પ્રગટ બિરાજે છે તેથી ધનની ક્યાંય કમી વર્તાતી નથી. હરિભક્તો ઠાકોરજીને આપે છે તો સામે કોઈનો ભાર ન રાખે મુરારી, વ્યાજ સહિત આપે ગીરધારી, એ બિરુદથી ઠાકોરજી પાછું અનંતગણું કરીને દાતાઓને પરત આપે છે. **ઉત્સવ** સમૈયામાં ગમે તેટલી ધનરાશિનો ખર્ચ થાય તો પણ અંતે સર પ્લસ થાય છે. **ઉત્સવ**ના મુખ્ય યજમાન પદે અ.નિ.પ.ભ. ગાંડાભાઈ જુગલદાસ પટેલ પરિવારે, કથા પારાયણના મુખ્ય યજમાન પદે અ.નિ. પુરાણી સ્વા. શ્રી પુરુષોત્તમચરણદાસજીના સ્મરણાર્થે હરિકૃષ્ણધામ રણજીતગઢ તથા રતનપર (જુનું મંદિર)ના શિષ્ય મંડળે, ઠાકોરજીના પાટોત્સવના યજમાનપદે અ.નિ. નટવરલાલ છગનલાલ હાલાણી (સુરેન્દ્રનગર-મકનસર) પરિવારે તથા ધર્મકુળ પૂજનના યજમાનપદે શ્રીજી સિરામીક ગ્રુપ (મોરબી) (રવાપર કચ્છ) અ.નિ. કેશરાભાઈ કે. ભગત અને પ.ભ. રતનશીભાઈ કે. ભગત પરિવારે દિવ્ય લાભ લીધો હતો. આ સિવાય શ્રીહરિયાગ, વસંતના વધામણા રંગોત્સવ, હવેલી દર્શન દ્વાર ઉદ્‌ઘાટન, ઠાકોરજીને મહાભિષેક, છપ્પન ભોગ, ૨૦૦ સહિંતા પારાયણ, સંત પૂજન આદિક ૭૫ જેટલી નાની મોટી સેવાઓમાં ૧૦૬૦ જેટલા યજમાનશ્રીઓએ પોતાની સદ્‌લક્ષ્મીનું દાન કરી યજમાનપદનો લાભ લઈ ધન્યભાગી થયા હતા.

**પોથીયાત્રા અને શુભારંભ** : તા. ૨૦-૦૧-૨૦૨૩ ની શુભ સવારે ખૂબજ દબદબાપૂર્વક પોથીયાત્રા મંદિરેથી નીકળીને, શ્રી માંડવરાયજીના મંદિરે થઈને કીર્તનો તથા દોહા છંદની રમઝટ સાથે સંગીતના સથવારે અબીલ ગુલાલની છોળો ઉડાડતા **ઉત્સવ** ના સ્થળે શ્રી બ્રહ્માનંદ નગરમાં પહોંચી હતી.

પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ.મોટા મહારાજશ્રીએ નિજ મંદિરમાં દેવોની શણગાર આરતી કરી સંતો તથા યજમાનશ્રીઓને સાથે રાખી સંગીતની સુરાવલીઓ સાથે ભક્તિભાવ ભર્યા વાતાવરણમાં દેવોના જયઘોષ સાથે **ઉત્સવ**ના મુખ્ય દ્વાર બ્રહ્માનંદ પ્રવેશ દ્વારનું દબદબાપૂર્વક ઉદ્‌ઘાટન કર્યું હતું.

જપયજ્ઞ મંદિરમાં મૂળી દેશના વિવિધ પ્રાંતના ભાઈઓ-બહેનો તમામ ભક્તજનોએ સાત દિવસ સુધી અખંડ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી હતી.

બ્રહ્માનંદ કથા મંડપના મુખ્ય પ્રવેશ દ્વારનું ઉદ્‌ઘાટન ભૂદેવો દ્વારા વેદોક્ત મંત્રો અને પૂજન કરીને વરિષ્ઠ સંતો સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ, પ.પૂ. મોટા મહારાજશ્રીની સાથે રહી રીબની ગાંઠ ખોલીને ભવ્યાતિભવ્ય રીતે કર્યું. સંહિતા પાઠ માટે ૨૦૦ ની સંખ્યામાં સંતો અને ભૂદેવો બિરાજ્યા હતા.

ભગવદ્ કથાના માધ્યમથી દરેક શ્રોતાજનોના અંતરમાં વિશેષ પ્રકાશ પથરાય તેવી શુભ ભાવનાથી શ્રીહરિના બન્ને અપર સ્વરૂપોએ મૂળી, અમદાવાદ અને ભુજ દેશના વરિષ્ઠ સંતો, યજમાનશ્રીઓ તથા ઠાકોર સાહેબ અને યુવરાજ સાહેબ સાથે રહીને દીપ પ્રાગટ્ય કર્યું. પ.પૂ. મોટા મહારાજશ્રીના મંગલ રૂડા આશીર્વાદ તથા શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર)ના મંગલ ઉદ્‌બોધનથી કથાના પ્રથમ વક્તાપદે મૂળી મંદિરના સ.ગુ. મહંત શા. સ્વા. હરિપ્રકાશદાસજીના મુખેથી શ્રીમદ્ સત્સંગિભૂષણ કથા પારાયણનો શુભારંભ થયો હતો. કથાના દ્વિતીય વક્તાપદે સ.ગુ. શા. સ્વા. વ્રજવલ્લભદાસજી (મૂળી) રહ્યા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ દરેક સંહિતા પાઠી સંતો અને ભૂદેવોનું પુષ્પમાળા પહેરાવી સન્માન કર્યું.

સભા મંડપના દ્વારેથી : આપણા **ઉત્સવ**ના ખૂબ મોટા સભા મંડપમાં કથાનું કેન્દ્ર બિંદુ ભગવાન હોય છે. શ્રીહરિના ચરિત્રોથી સભર શાસ્ત્ર એટલે સ.ગુ. બ્ર. શ્રી વાસુદેવાનંદ વર્ણી રચિત ભક્તિ શાસ્ત્ર શ્રીમદ્ સત્સંગિભૂષણ ગ્રંથ. બન્ને વિદ્વાન વક્તાશ્રીઓએ પોતાની આગવી સંગીતમય શૈલીમાં દરરોજ સાત દિવસ સુધી સવાર સાંજ બન્ને ટાઈમ લાખો શ્રોતાજનોને આ ગ્રંથની કથા સંભળાવીને સૌને ભક્તિ રસમાં તરબોળ કર્યા હતા.

**મૂળી, અમદાવાદ અને ભુજ મંદિરના આપણા વિદ્વાન સંતો દરરોજ વ્યાખ્યાનમાળા તથા પ્રાસંગિક પ્રવચનના માધ્યમથી ભક્તજનોને આશીવર્ચન સાથે સત્સંગનો દિવ્ય લાભ આપ્યો હતો.**

ઘણા બધા માનવંતા રાજકીય મહાનુભાવો, સમાજ શ્રેષ્ઠીઓ તથા અન્ય ધાર્મિક મહાનુભાવો વગેરે આમંત્રિત મહેમાનોએ પધારીને **ઉત્સવ**ની શોભામાં અભિવૃધ્ધિ કરી શુભકામના વ્યક્ત કરી હતી. શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોનું નિત્ય સતત સાનિધ્ય સાંપડ્યું હતું. પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી,



## મંગળ પ્રારંભ




સભા મંડપ

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી તથા પૂ. શ્રીરાજા માટે સંપ્રદાયની મર્યાદા અનુસાર અલગથી બેઠક વ્યવસ્થાથી સમસ્ત બહેનોને નિત્ય દર્શન સ્પર્શનો અલૌકિક લાભ પ્રાપ્ત થયો હતો. યુ.એસ., યુ.કે., આફ્રિકા, ઓસ્ટ્રેલીયા અને કેનેડાથી એન.આર.આઈ. ભક્તો મોટી સંખ્યામાં પધાર્યા હતા.

**પુસ્તક વિમોચનો** : શા. સ્વા. ધર્મવલ્લભદાસજી (મૂળી) પ્રેરિત પ.ભ. હિંમતભાઈ એમ. મોરસીયા દ્વારા લેખન કરાયેલ ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય અલૌલિક ચરિત્રો, **'યોગેશ્વર્યના દિવ્ય ઐશ્વર્યો'**, શા. સ્વા. ભક્તિનંદનદાસજી (હળવદ) પ્રેરિત **'વિચર્યા શ્રીહરિ મૂળી દેશમાં'** તેમજ મહંત શા. સ્વામી હરિપ્રકાશદાસજી (મૂળી)ના સંશોધનથી અને પ.ભ.શ્રી હિંમતભાઈ ના સહયોગથી પ્રકાશિત થયેલ નવી આવૃત્તિ **'શિક્ષાપત્રી'** (નિત્ય નિયમ સાથે), **'કીર્તન સરિતા'** અને **'કવિસમ્રાટ સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીનો મહિમા'** તેમજ પ.ભ. શ્રી જેઠાભાઈ સવાણી (યુ.કે.) દ્વારા અર્પણ થયેલ સૌજન્યથી અને લેખનથી પ્રકાશિત થયેલ **'મૂળી ધામની ગૌરવ ગાથા'** (ગુજ. અને ઈંગ્લીશ) એ સાત સત્છાસ્ત્રોનું વિમોચન વરિષ્ઠ સંતોની સાથે શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના વરદ્ હસ્તે થયું હતું. સૌજન્ય દાતાશ્રીઓનું તથા લેખકશ્રીનું સન્માન કરવામાં આવ્યું હતું.

સ્ટેજ પર મૂળીના વરિષ્ઠ સંતોએ શ્રીહરિના મોટાભાઈ રામપ્રતાપભાઈ, આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી, કવિ સમ્રાટ સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી અને પ્રથમ મહંત સ.ગુ. દેવાનંદ સ્વામીના મૂળી ધામ પ્રત્યેના પ્રેમ અને સમર્પણને યાદ કરીને ચારેય વિભૂતિઓનું દિવ્ય ભાવપૂજન કર્યું હતું. સાથે સાથે પ.પૂ. મોટા મહારાજશ્રીના મુળી પ્રત્યેના લગાવને યાદ કરીને તેઓશ્રીનું પણ પૂજન સન્માન કર્યું હતું. વરિષ્ઠ સંતોનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ વિપ્ર બટુકોને સમૂહ યજ્ઞોપવિત તેમજ બ્રહ્મચોર્યાસી કરવામાં આવી હતી. કથા મંડપમાં સમસ્ત શ્રોતાજનો દ્વારા વ્યાસ પીઠ અને સ્ટેજ પરના ઠાકોરજીની સમૂહ આરતી કરવામાં આવી હતી.

**મહિલા મંચ** : તા. ૨૩-૦૧-૨૦૨૩ ના રોજ મધ્યાહન્ સમયે પ.પૂ.લ.સ્વ. ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂ. શ્રીરાજા અને સાંખ્યયોગી બહેનોના સાનિધ્યમાં મહિલા મંચનું સુંદર આયોજન થયું હતું. જેમાં મૂળી દેશની બાલિકાઓ અને યુવતીઓમાં રાસ વગેરે જે સાંસ્કૃતિક કલા સચવાયેલી છે તેને પ્રોત્સાહન મળે તે માટે દરેક યુવતી મંડળને સ્ટેજ પર પોતાની કલા વ્યક્ત કરવાની સુંદર તક આપવામાં આવી હતી.

હાલારી યુવતી મંડળ સુરત પાલનપુર પાટિયા, રાજકોટ, સુવાસિની યુવતી મંડળ સુરેન્દ્રનગર, મોરબીનું યુવતી મંડળ, મકનસરનું યુવતી મંડળ અને બાલિકા મંડળ, રાધાકૃષ્ણ મહિલા મંડળ, સુરેન્દ્રનગર બાલિકા મંડળ અને રતનપર બાલિકા મંડળ દ્વારા નંદ સંતો રચિત કીર્તનોની રમઝટ સાથે નૃત્ય અને ખૂબ સુંદર રાસોત્સવ થયો હતો. સુરેન્દ્રનગરની કુ. પ્રાચી પી. પારેખ નામની છ વર્ષની બાલિકાએ સંગીતમય શૈલીમાં કેશીયો વગાડીને કીર્તન ગાયું હતું. જે બાલિકા ત્રણ વર્ષની ઉંમરથી જાતે કેશીયો શીખીને વગાડે છે. રામપરા ગામની ક્ષત્રિય નાડોદા પરિવારની ૧૧ વર્ષની કુ. ક્રિપા સુર અને કુ. ખુશાલી સિંધવ એ બે બાલિકાઓએ માથે સાફો બાંધીને અસલ ક્ષત્રિય વેશમાં બન્ને હાથમાં ખુલ્લી તલવારો લઈને શોર્યગીત સાથે તલવાર બાજીના દાવ તેમજ રાસ સાથે અને ખુરશીઓના બન્ને હાથા ઉપર સીધા ઉભા રહીને તલવારબાજીની કરતબ દેખાડી હતી.

**યુવા મંચ અને રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમો** : જેમ શ્રીજી મહારાજ દરેકની કલાનો સ્વીકાર કરી પ્રોત્સાહન આપી તે કલાના માધ્યમથી સ્વ સ્વરૂપની ઓળખાણ કરાવી દરેકનું રુડું કરતા એજ પરંપરામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી બાળકોમાં, યુવાનોમાં અને લોક સાહિત્ય કલાકારોમાં સમાજમાં સંસ્કાર પ્રેરે તેવી જે આગવી કળાઓ રહેલી છે તેને પ્રોત્સાહન મળે તે માટે દરેકને મંચ પરથી વ્યક્ત કરવા સુંદર તક આપી હતી.

હરિકૃષ્ણધામ રણજીતગઢ યુવક મંડળ દ્વારા, રતનપરના ભરવાડો તથા સ્વામિનારાયણ યુવક મંડળ, હાલારી સુરત પાલનપુર પાટિયા યુવક મંડળ, હાલારી ભક્તો ધૂળકોટ યુવક મંડળ તથા રણજીતગઢ બાળમંડળ વગેરે મંડળો દ્વારા ટ્રેડીશનલ ડ્રેસમાં રાસ, ગજરાનો રાસ કે જેમાં ચાલું રાસમાં યુવાનોએ થાંભલાને કે જેની ટોચ પર શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ બિરાજમાન કર્યા હતા તેને કલાત્મક સુંદર રીતે રેશમી કાપડની રંગબેરંગી પટ્ટીઓથી વીંટાળીને ફરી પાછો ઉખાડી પણ દીધો હતો, ઝાલાવાડી રાસ, હાલારી રાસ, હુડો રાસ તથા અઠંગો રાસ નંદસંતો રચિત કીર્તનો સાથે રજૂ થયા હતા.

# દેવોને વિવિધ અન્નકૂટ દર્શન




ઉત્સવ



# ભોગાવો નદી પૂજન








# પુસ્તક વિમોચન







સંસ્કાર અને સત્સંગ પ્રેરક વિધ વિધ રૂપક રજૂ થયા હતા. બ્રહ્માનંદ સ્વામી રચિત કવાલીનું ગાન થયું હતું. વ્યક્તિગત નૃત્ય થયા હતા. તેમજ પાર્ષદો તથા યુવાનો દ્વારા સત્સંગમાં નિષ્ઠા દ્રઢ થાય તેવા વિવિધ પ્રવચન થયા હતા. શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય મકનસરના બાળકોએ કલાત્મક રીતે રાષ્ટ્ધ્વજ વંદના કરી પીરામીડ નૃત્ય કર્યું હતું. પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રભાવના દ્રઢ કરાવનાર દેશ ભક્તિના ગીતો સાથે શહીદ વીર ભગતસિંહનું રૂપક ખૂબ સુંદર રીતે રજૂ થયું હતું. આદિત્ય ગઢવી, રાજભા ગઢવી વગેરે ખ્યાતનામ સંગીત સાહિત્યવિદો, લોક સાહિત્યકારો તથા ઉર્વશી બેન, ઋષભભાઈ આહિર તથા ઋગ્દીપભાઈ વગેરે સુપ્રસિધ્ધ ગાયક કલાકારો દ્વારા સંગીતમય શૈલીમાં કીર્તનો, દોહા તથા છંદો અને લોકગીતોની રમઝટ બોલી હતી. તથા સંસ્કાર પ્રેરક શોર્યગાથાઓ અને નિર્દોષ હાસ્ય રસની વાતો રજૂ થઈ હતી. સર્વે કલાકારોનું યથોચિત સન્માન કરવામાં આવ્યું હતું.

**શાકોત્સવ :** શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના વરદ્ હસ્તે તા. ૨૪-૦૧-૨૩ ના રોજ સ્ટેજ પર જ રીંગણના શાકનો વધાર કરવામાં આવ્યો હતો. એટલું જ નહિ પરંતુ પ.પૂ. મહારાજશ્રીએ તો પોતાના હાથમાં તાવેથો લઈને શાકને સપ્રમાણ હલાવ્યું હતું. તે દિવસના બપોરના ભોજન પ્રસાદમાં દરેક સંતો ભક્તો શ્રી રાધાકૃષ્ણદેવના સ્મરણ સાથે બાજરીના રોટલા તથા આ શાક અને સાથે રોજના ક્રમ પ્રમાણે મીઠાઈ તો ખરી જ - એ પ્રસાદી જમીને ધન્યભાગી થયા હતા.

**ભક્તજનોની ભાવનાનો સ્વીકાર :** મંદિરના સંકુલનો વિસ્તાર કરવા માટે મૂળીના પ્રકાશભાઈ શુકલ અને વિશ્વાસભાઈ શુકલ એ બન્ને ભૂદેવોએ મંદિરને અડીને પોતાની મોકાની ખાંચાની જમીન મંદિરને શ્રીકૃષ્ણાર્પણ કરી હતી એ જ રીતે રામપરા ગામના બીજા એક નાના બાળક ભાઈ શ્રી ઋષિરાજ રવિભાઈ ચાવડાએ પોતાને માતા-પિતા તથા સગા સ્નેહીઓએ જે ભેટ આપી હોય તે ગલ્લાના બચતની સંપૂર્ણ રકમ રૂા. એક લાખ **ઉત્સવ**માં પ.પૂ. મહારાજશ્રીના હસ્તકમળમાં અર્પણ કરી હતી. પ.પૂ.મહારાજશ્રી તે બાળક તથા તેના પિતાશ્રીને હાર પહેરાવી સન્માન કરી એટલા રાજી થયા હતા કે આશીર્વાદ ઉચ્ચારતા બોલી ઉઠ્યા હતા કે **"પોતાના ગલ્લાના મા-બાપે આપેલ ચીલ્લરમાંથી નોટો બનાવી આ બાળકે ઉત્સવમાં શ્રી રાધાકૃષ્ણદેવને આપ્યું છે. માટે હવે ધજા ફેલાઈ ગઈ**

પ.પૂ. મહારાજશ્રી સપરિવાર **ઉત્સવ**માં પધાર્યા હોવાથી, આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીથી પરંપરામાં પૂજાતા શ્રીહરિકૃષ્ણ મહારાજને પણ સાથે લાવ્યા હોવાથી સૌને સ્ટેજ પર જ શ્રીહરિકૃષ્ણ મહારાજનું દિવ્ય દર્શન કરાવ્યું હતું. એજ રીતે શ્રી સુવાસિની બાના પ્રસાદીભૂત કાંબી અને કડલાઓનું પણ પૂજન અર્ચન કરી સૌને દર્શન કરાવ્યું હતું. એલ.ઈ.ડી. સ્ક્રીન પર મૂળી ના દરેક પ્રસાદીના સ્થળોનું સૌને દર્શન કરાવ્યું હતું.

શા. સ્વા. ભક્તિનંદનદાસજી (હળવદ), શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, શા.સ્વા. સેવાવત્સલદાસજી, શા.સ્વા. નિત્યપ્રકાશદાસજી તથા પાર્ષદવર્ય શ્રી ભરત ભગતે સુંદર રીતે સભા સંચાલન કર્યું હતું.

**ત્રિદિનાત્મક શ્રીહરિયાગ મહાયજ્ઞ :** પર્વ મહામહોત્સવમાં જેવી યજ્ઞશાળાની રચના કરવામાં આવી હતી તેવી જ વાંસની પટ્ટીઓ અને વળીઓથી નિર્મિત ૧૩૧ કુંડી યજ્ઞશાળાનું નિર્માણ **ઉત્સવ**માં પણ કરવામાં આવ્યું હતું. ચારેય વેદના ચાર વિભાગ કરી ચારેય દિશામાં ચારેય વેદના નામથી ચાર પ્રવેશદ્વાર બનાવ્યા હતા. ૪૦૦ જેટલા યજમાનશ્રીઓએ છેલ્લા ત્રણ દિવસ વિદ્વાન ભૂદેવો દ્વારા ઉચ્ચારાતી વેદમંત્રોની રૂચાઓના ગાન સાથે મહાન પવિત્ર આહુતિઓ પ્રદાન કરીને દિવ્ય લાભ લીધો હતો. ત્રણેય દિવસ તેમજ સમાપનનું શ્રીફળ હોમવામાં સૌને ધર્મકુળનું સાનિધ્ય સાંપડ્યું હતું.

**મહાપૂજા :** મહાપૂજા મંડપમાં દરરોજ પ્રાંત મુજબ હરિભક્તોના વિભાગના આયોજનથી ૧૦૦૦ જેટલા યજમાન પરિવારો મહાપૂજાનો દિવ્ય લાભ લઈ ધન્યભાગી થયા હતા. દરરોજ ધર્મકુળના હસ્તે આરતી થતી હતી.

**શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી નગર ગાથા :** પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી મહંત શા. સ્વા. હરિપ્રકાશદાસજી (મૂળી) અને મહંત શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર)એ ભેગા મળી મૂળી મંદિર તથા નગરના અથથી ઈતિ ઈતિહાસનું સંકલન કરી ૨૦ મિનિટની એક ટેલિ ફિલ્મ બનાવી હતી. થિયેટર જેવા વિશાળ ડોમમાં બેસીને દરરોજ હજારો લોકોએ આ ફિલ્મ નિહાળીને ગૌરવ અનુભવ્યું હતું.

**હવેલી દિવ્ય પ્રદર્શનમ્ :** વિ.સં. ૧૯૩૨ માં મંદિરના પાછળના ભાગમાં ૪ માળની કાષ્ઠકલા કારીગરી વાળી અદ્ભૂત કોતરણી તેમજ નકશી કામવાળી સંપૂર્ણ સિસમના કાષ્ટથી બનેલી હવેલી પુરાતત્વવિદો અને

# રાજોપચાર



ઈતિહાસવિદો માટે પણ રસપ્રદ છે. તે હવેલીનો જીર્ણોધ્ધાર કરીને તેમાં દિવ્ય પ્રદર્શન યોજીને તથા શ્રીજી મહારાજને સંબંધ પામેલી અગણિત પ્રસાદીની વસ્તુઓનું વ્યવસ્થિત દર્શન થાય એ રીતે ગોઠવીને તા. ૨૧-૦૧-૨૦૨૩ ના રોજ ભવ્ય આતશબાજી સાથે પ.પૂ. ધર્મકુળના વરદ્ હસ્તે હવેલી દ્વારનું ઉદ્દ્ઘાટન કરી દર્શન માટે ખુલ્લી મુકવામાં આવી હતી. આધુનિક ઈલેકટ્રોનિકસનો ઉપયોગ કરીને જુદાં જુદાં સ્ટેચ્યુઓ દ્વારા પ્રદર્શનને પ્રત્યક્ષરૂપ આપવામાં આવ્યું હતું.

**ગૃહ ઉદ્યોગ, આયુર્વેદ અને વ્યસન મુક્તિને પ્રોત્સાહન :** ગૃહ ઉદ્યોગથી સ્વરોજગારી વધે, ઉત્પાદન કર્તા અને ઉપભોગ કરનાર એમ બન્નેને લાભ થાય. આડઅસર વિનાના આયુર્વેદિક નિર્દોષ ઔષધો લેવાની જન સમાજમાં જાગૃતિ આવે તેવા શુભ હેતુથી ગ્રાઉન્ડ પર વિવિધ એજન્સીઓને પોતાના પ્રાકૃતિક પદાર્થો વેચવાની પરવાનગી આપવામાં આવી હતી. જેમાં હેન્ડીક્રાફટની તોરણ વગેરે ગૃહ ઉપયોગી વસ્તુઓ, શરીરના દુઃખાવા માટેના નિર્દોષ ઔષધો, પ્રોસેસીંગ અને પ્રિઝર્વેટિવ્સ વિનાનું શુધ્ધ નેચરલ મધ, યોગથી શરીરના સ્વાસ્થ્યની રક્ષા વગેરે વિધવિધ માહિતી, માર્ગદર્શન અને પદાર્થો રસ



ધરાવનારને પ્રાપ્ત થયા હતા. વ્યસનમુક્તિ માટે સર્વ પ્રકારનું માર્ગદર્શન તથા વ્યસનને ભૂલાવી દે તેવા નિર્દોષ આયુર્વેદિક ઔષધીય પદાર્થો તેમજ તમાકુના બદલે નિર્દોષ સ્વાદિષ્ટ મુખવાસવાળા પાનનો સ્વાદ પણ મુલાકાતીઓએ માણ્યો હતો.

આપણા 'શ્રી સ્વામિનારાયણ' માસિક કાર્યાલય દ્વારા દાતાઓના સૌજન્યથી મહોત્સવ દરમિયાન ઘણા નવા આજીવન સભ્યો નોંધાયા હતા.

**આરોગ્ય સેવા :** શ્રીજી મહારાજને જે ગમે છે એજ આપણા પ.પૂ. ધર્મકુળને ગમે છે. માતા, પિતા, ગુરુ અને રોગી....... શિક્ષાપત્રી શ્લોક નં. ૧૩૯ માં શ્રીહરિની આજ્ઞાનુસાર રોગીની સેવા દ્વારા પાયાની માનવ સેવા થાય તેવા શુભ હેતુથી પ્રાથમિક ઉપચાર, ઓરથોપેડિક, સ્કીન, કેન્સર વગેરેના નિષ્ણાત તબીબોની સેવાથી પર્વની જેમ જ આરોગ્ય સેવા માટેનો મોટો મંડપ ઉભો કરવામાં આવ્યો હતો. જેનાથી નીચે મુજબની નિઃશુલ્ક આરોગ્ય સેવા થઈ હતી.

સામાન્ય તપાસ : ૯૪૪, સર્વ રોગ નિદાન મેડીસીન સાથે : ૬૭૮, ઓરથોપેડિક સારવાર : ૩૪૨, ડાયાબિટિસ (Blood Sugar તપાસ અને સારવાર) : ૩૩૮, કેન્સર તપાસ બહેનોના પેપ ટેસ્ટ સાથે : ૨૮૩. આ સિવાય ૩૪૬ દર્દીઓને x - ray, ૨૮૧ દર્દીઓને ECG તથા ૮૯૩ વ્યક્તિઓને આયુષ્યમાન કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા. સંતો, પાર્ષદો અને ભક્તજનોએ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીને ૩૪૦ બ્લડ બેગ્સ રક્તદાન કર્યું હતું. આરોગ્ય લક્ષી સામાજિક જાગૃતિલક્ષી સેમિનારમાં ડૉ. રાજદીપ ચૌહાણ વગેરે નિષ્ણાંત ડૉકટરોએ રોગોની માહિતી અને સારવાર અંગે માર્ગદર્શન આપ્યું હતું.

**ભોજન પ્રસાદની સેવા :** શ્રીજી મહારાજે સંતો, ભક્તો, બ્રાહ્મણો તથા હરકોઈ મનુષ્યોને મિષ્ટાન્ન જમાડીને બહુ તૃપ્ત કરેલા અને શિક્ષાપત્રીમાં આજ્ઞા પણ કરી કે,

भगवन्मन्दिरं प्राप्तो योऽन्नार्थी कोऽपि मानवः ।

आदरात्स तु सम्भाव्यो दानेनान्नस्य शक्तितः ॥

અને ભગવાનના મંદિર પ્રત્યે આવ્યો જે હરકોઈ અન્નાર્થી મનુષ્ય..... એ જ પરંપરાથી મૂળ સંપ્રદાયના ઉત્સવ સમૈયામાં ક્યાંય અન્ન વેચવાના સ્ટોલ હોતા નથી. **ઉત્સવ**માં પણ આઠ મોટી ભોજનશાળામાં રાત દિવસ સંતો, ભક્તો,




રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ
ટીબી હોવાનું અનુમાન ક્યારે કરશો ?
બે અઠવાડીયા કે વધુ સમયથી ઉધરસ હોવી.
નિક્ષય પોષણ યોજના
જિલ્લા ક્ષય કેન્દ્ર - સુરેન્દ્રનગર
મૂળી ઉત્સવ

# આરોગ્ય


BATTALION


મૂળી ઉત્સવ


મૂળી ઉત્સવ



# મહિલા મંચ


યુવા મંચ

# રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમ







## શાકોત્સવ



બ્રાહ્મણો અને હર કોઈ મુલાકાતી દર્શનાર્થીઓને સવારે એક મીઠાઈ સાથેનો નાસ્તો, બપોરે બે અને સમાપનના દિવસે ત્રણ મિષ્ટાન્ન સાથેનો ભોજન પ્રસાદ અને સાંજના વાળુમાં ભારતીય સંસ્કૃતિ મુજબ સુપાચ્ય હળવી ભોજન સામગ્રીથી જે આવે અને જ્યારે આવે ત્યારે પ્રસાદ લઈને તૃપ્ત થતા હતા. સવાર-બપોર અને સાંજ વચ્ચે બે-બે કલાકનો જ ગાળો રહે ! કેટલી વ્યક્તિ પ્રસાદ લેવા આવશે અને ક્યારે આવશે એ કંઈ નક્કી નહિ ! છતા પ્રગટ દેવના પ્રતાપથી લાખો લોકોનું પુરું પડી જાય ! સ.ગુ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીને શ્રીજી મહારાજે રસોડામાં માસ્ટરી આપી છે. તેઓશ્રીએ સંતોને તથા સ્વયં સેવકોને સાથે રાખીને રસોઈયાઓ પાસેથી સમયોચિત સેવા લીધી હતી.

**મંદિર લેઝર-લાઈટીંગ શો અને પૂજન :** ઉત્સવ અગાઉ નિજમંદિરના જીર્ણોધ્ધારમાં આરસની

# યજ્ઞ





# સમૂહ મહાપૂજા

સેવા સંપન્ન થઈ હતી. પાટોત્સવની પૂર્વ સંધ્યાએ તા. ૨૫-૦૧-૨૦૨૩ ના સાંજના સમયે મંદિરના દિવ્ય પરિસરમાં ધર્મકુળના સાનિધ્યમાં ધર્મકુળ તજી કે દુજેકો જો ચરણો લઈ પૂજાય છે.... વગેરે નિષ્ઠા અને જોમ ભર્યા કીર્તનોના ગાન તથા સાઉન્ડ સાથે ખૂબ ભવ્યતાથી દબદબાપૂર્વક લેઝર અને લાઈટીંગ શો અને ભવ્ય તરેહ તરેહની રંગબેરંગી આતશબાજી કરવામાં આવી હતી. તેના પચરંગી તાર આસમાનમાં ઉડતા હતા. જેનાથી આકાશ ગાજી ઉઠ્યું હતું. ત્યાર પછી હવેલીનું અને મંદિરનું પૂજન કરી મંદિરની સમૂહ આરતી કરવામાં આવી હતી. બ્રહ્માનંદ સ્વામી રચિત વીરરસના પદો સાથ મોટી LED સ્ક્રીન પર મુળી નિજ મંદિરના મુખ્ય ગેટ પર બન્ને બાજુ જે સિંહાકૃતિ છે તેનું વારંવાર દર્શન કરાવીને લેઝર શોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

**દેવ સેવા :** દેવ સેવા આપણા **ઉત્સવ**નું હાર્દ અને કેન્દ્રબિંદુ હોય છે. અને એ પણ શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે. દેવનો **ઉત્સવ** છે અને દેવ થકી **ઉત્સવ** છે. એ ન્યાયે શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ સમક્ષ નિજમંદિરમાં ચોકલેટ, વિવિધ પ્રકારના  સરબત, ફળો, વિવિધ જ્યુસ અને ડ્રાયફ્રુટના ફૂટ, વિવિધ શાકભાજીની હાટડી, માવાની વિવિધ મીઠાઈઓનો અન્નકૂટ, માવાની વિવિધ ફરસાણ વાનગીઓનો અન્નકૂટ તથા પાટોત્સવના દિવસે છપ્પન ભોગ અન્નકૂટનું દર્શન કરાવવામાં આવ્યું હતું. સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીના પૂજાના શ્રી શાલીગ્રામજીનું સવા લાખ તુલસીપત્રો દ્વારા ભાવપૂજન અને પુષ્પાભિષેક કરવામાં આવ્યો હતો. જળયાત્રા તથા શ્રી ઠાકોરજીની નગરયાત્રાના કાર્યક્રમો ભવ્યતા અને દિવ્યતાથી સંપન્ન થયા હતા. શ્રી ઠાકોરજીના વસ્ત્ર, અલંકારોની છાબયાત્રા સ્ટેજ સુધી લાવી પૂજન કરી નિત્ય નવા વસ્ત્રાલંકારો ધરાવવામાં આવતા હતા. નિજ મંદિરમાં દેવોનું તથા સભામંડપમાં શ્રી ઘનશ્યામ મહારાજનું દિવ્ય શ્રી રાજોપચાર મહાપૂજન તેમજ ભવ્ય પુષ્પાભિષેક કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંતોએ સભા મંડપમાં રાસોત્સવ કર્યો હતો. સાંજના શ્રી ભોગવતી ગંગા પૂજનોત્સવ તેમજ મહાઆરતી કરવામાં આવી હતી.

તા. ૨૬-૦૧-૨૦૨૩ પાટોત્સવની શુભ સવારે યજમાનશ્રીઓ દ્વારા પાટોત્સવ અભિષેક પૂજન તથા શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના વરદ્ હસ્તે દેવોનો ભવ્ય મહાભિષેક તેમજ પુષ્પ વૃષ્ટિ કરવામાં આવી હતી. મહાભિષેક પ્રસંગે હૈયે હૈયું દબાય તેટલી દર્શનાર્થીઓની ભીડ રહી હતી. છાબયાત્રા દ્વારા સ્ટેજ પર ધર્મકુળના હસ્તે પૂજન કરાયેલ અને સંતો દ્વારા પુષ્પોથી વધાવેલ ઠાકોરજીના ચાંદીના વાઘા અને અલંકારો દાતાશ્રીઓની ઉપસ્થિતિમાં અર્પણ વિધિ થયા બાદ પાટોત્સવના દિવસે દેવોને શણગારમાં ધરાવવામાં આવ્યા હતા. જે કાયમ સ્મૃતિમાં રહે એવા દેવોના દર્શન થયા હતા. સાતેય દિવસ યજમાનશ્રી દ્વારા ગૌપૂજન તથા ગૌમાતાઓને લીલો અને સૂકો ઘાસચારો ખવડાવવામાં આવ્યો હતો.

**સમાપન :** લક્ષ્મી ફીલામેન્ટ અમદાવાદ (મેથાણવાળા)ના યજમાન પદે મંદિરના શિખરની ધજા ફરકાવવામાં આવી હતી. શ્રી શિક્ષાપત્રી જયંતીના ઉપલક્ષમાં મંદિરના સભામંડપમાં સમૂહ વાંચન તથા મહોત્સવ સ્થળે પૂજન કરવામાં આવ્યું હતું. ભારતના ૭૪ માં પ્રજાસતાક દિન નિમિત્તે દેશ-ભક્તિના ગીતો સાથે ભારતમાતાની જય બોલાવી વંદે માતરમના ગાન સાથે રાષ્ટ્રવંદના કરવામાં આવી હતી. આજના દિવસે ૫૬ વર્ષ બાદ પ.પૂ. મોટા મહારાજશ્રી સાફો બાંધીને સભા મંડપમાં પધાર્યા હતા. ૭૯ વર્ષની ઉમંરે પણ મુખારવિંદ મોટું અને તેજસ્વી હોવાથી સાફામાં રાજાધિરાજરૂપે સૌને દર્શન થયું હતું.

કથા મંડપની બહાર પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ. શ્રીરાજાના વરદ્ હસ્તે ત્રિરંગો લહેરાવીને ધર્મકુળ પરિવાર અને સંતો સહિત રાજકીય સામાજિક મહાનુભાવો અને ઉપસ્થિત સર્વજનોએ જન ગણ મન.... એ રાષ્ટ્રગીતના ગાન સાથે ધ્વજવંદન કર્યું હતું. વસંતના વધામણા સ્વરૂપે બપોરના ૧૨-૦૦ કલાકે ધર્મકુળના વરદ્ હસ્તે પરંપરાગત રીતે મંદિરમાં દેવોના સાનિધ્યમાં વસંત પૂજન-આરતી કરીને પછી મહોત્સવ સ્થળે વિશાળ ખુલ્લી જગ્યામાં સંપ્રદાયમાં સૌ પ્રથમ વખત શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના કર કમળો દ્વારા શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના પ્રસાદીના કેસરીયા અને ગુલાબી રંગથી રંગાઈને લાખો લોકોએ વસંતના વધામણાના પદો અને સ્વામિનારાયણ મહામંત્રની ધૂનના ગાન તથા સંગીત સાઉન્ડ સાથે રંગોત્સવનો એક કલાક સુધી દિવ્યાનંદ માણ્યો હતો.

ભક્તિરસથી ભીંજાઈને તથા પ્રસાદીના રંગથી સંપૂર્ણ પણે રંગાઈને સુખદ સંસ્મરણો સાથે સૌ છૂટા પડ્યા હતા.

(સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)(

# મહાપ્રસાદ








# સન્માન


















# સન્માન


























## સન્માન

















# સન્માન



# અભિષેક દર્શન



# આશીર્વચન

## મૂળી ઉત્સવ શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી આશીર્વચન

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)

**પ.પૂ. મોટા મહારાજશ્રી તા. ૨૦-૦૧-૨૦૨૩ :** આદરણીય સંતો અને વહાલા સત્સંગી બંધુઓ, આપણે કેટલીક વસ્તુ જોઈ શકીએ છીએ અને કેટલીક જોઈ શકાતી નથી માત્ર અનુભવી શકીએ છીએ. દા.ત. વરસાદ અન બરફ પડતો જોઈ શકીએ છીએ. અને અનુભવી શકીએ છીએ. ટાઢ તથા ગરમી જોઈ નથી શકતા, માત્ર અનુભવી શકીએ છીએ. એજ રીતે શ્રધ્ધા, ભાવના અને ભક્તિને અનુભવી શકીએ છીએ, જોઈ શકતા નથી. પરંતુ આ સભા મંડપમાં એ વસ્તુને આપણે જોઈ પણ શકીએ છીએ. મહારાજ જ્યારે મુક્તાનંદ સ્વામીને મળ્યા અને રામાનંદ સ્વામીના દર્શન બાકી હતા ત્યારે કહેલું કે એક વાર મને રામાનંદ સ્વામીના દર્શન થઈ જાય પછી આપણે બન્ને જંગલમાં જઈને ભજન ભક્તિ અને તપ કરીશું. કેમ કે અમને મેડી મહેલ તથા શહેર ગમતા નથી. વન પર્વત ગમે છે. **પણ જ્યારે મહારાજની સત્સંગ પર દ્રષ્ટિ પડી, સત્સંગીઓની ભાવના જોઈ ત્યારે પોતાનો ઠરાવ ફેરવી નાખ્યો અને સત્સંગ મધ્યે રહ્યા.** એમ અમે પ્રથમ તો એવો વિચાર કરેલો કે મુળી **“ઉત્સવ”** માં દરરોજ જઈશું, બપોર પછી અમદાવાદ પરત



આવી જઈશું એમ આવજા કરીશું. પરંતુ આજે અહીંયા આવ્યા પછી દરેકની શ્રધ્ધા ભાવના ભક્તિ અને ઉત્સાહ જોઈને વિચાર ફેરવી નાખ્યો. કાલથી મારો સામાન લઈને આવી જઈશ અને અહીંયા જ રહીશ.

હમણા જ લાલજી મહારાજશ્રીને વાત કરી કે જેવો દેશ તેવો વેશ, અહીં આટલા બધા સાફા જોઈને મને પણ સાફો બાંધવાનું મન થઈ ગયું. એક જ દિવસ બાંધીશ, ૧૩ વર્ષનો હતો ત્યારે આફ્રિકા જવાનું થયેલું. એ સમયે પાર્ષદ દરરોજ સાફો બાંધી આપતા એટલે પછી જાતે આવડી ગયું. **લાલજી મહારાજશ્રી પાસેથી પરમીશન લીધી છે એટલે એક દિવસ સભા મંડપમાં સાફો બાંધીને આવીશ. સ્વયં શ્રીજી મહારાજ અમી દ્રષ્ટિ રાખીને તથા મંદિરના નિર્માતા બ્રહ્માનંદ સ્વામી આ બધા પ્રગટ રૂપે આ ઉત્સવનો આનંદ માણતા હશે અને વિચરવાના છે. સંપૂર્ણ સફળતાપૂર્વક આ ઉત્સવ ઉજવાવાનો છે.** આ માહોલ જોઈને ખૂબ આનંદ થયો છે. જેટલા ઉમંગથી બ્રહ્માનંદ સ્વામીએ મંદિરનું નિર્માણ કર્યું છે, જે ઉત્સાહથી અહીં સત્સંગની સ્થાપના થઈ છે, રામાભાઈ રાજા પાસેથી દાન મેળવ્યું છે. એટલા જ ઉત્સાહથી, ઝનુનથી અને ભવ્યતાથી સવ ોપરી **ઉત્સવ** થવાનો છે. **શ્રીજી મહારાજ પોતે દિવ્ય સ્વરૂપે વિચરીને આશીર્વાદ આપવાના છે.** ધન્યવાદ અને આશીર્વાદ સાથે વિરમુ છું. જય સ્વામિનારાયણ.

**તા. ૨૫-૦૧-૨૦૨૩ :** સ્વામીએ ઓચિંતા કહ્યું કંઈક બોલવાનું છે. મેં કંઈ વિચાર્યું નથી પણ આવા **ઉત્સવો**માં વક્તા કરતા શ્રોતા બનવાની વધારે મજા આવે છે. આ બધા પ્રસંગો એ માણવાના પ્રસંગો હોય છે. વિચાર કરતો હતો કે આજે ઠંડી બહુ પડી. પહેલા દિવસે વિચાર કર્યો કે સાત દિવસ તંબુમાં રહીશ પણ ટાઢ એવી પડી કે પહેલા



દિવસે હિંમત ભાંગી ગઈ અને પાછો અમદાવાદ જતો રહ્યો. મહારાજે કહ્યું ને કે **ઉત્સવો** યાદ રાખવા તો આ **ઉત્સવ** યાદ રહે એવી ટાઢ પણ પડી તો **આ ઉત્સવમાં ટાઢની જેણે અનુભૂતિ કરી છે તેને મુળી અને મૂળીનો આ ઉત્સવ યાદ આવશે અને ઉત્સવ યાદ આવશે તો અંતકાળે રાધાકૃષ્ણ દેવની સ્મૃતિ થઈ આવશે.**

વચનામૃતમાં મહારાજે કહ્યું : ભગવાનના ભક્ત થવું બહુ કઠણ છે અને આવા ભક્તોનો યોગ મળવો એ પણ કઠણ છે. અને **મહારાજ કહે એવા ભક્તોના ભક્ત થવું અમને ગમે છે.** આવા ભક્તો તો ઘણા બધા થયા. નરસિંહ મહેતા, મીરાબાઈ, આપણા સંપ્રદાયમાં ઘણા થયા પણ **ભગવાનના ભાઈ બંધ થયા હોય તો એ છે બ્રહ્માનંદ સ્વામી. ભાઈબંધ થવાનું ટાઈટલ બ્રહ્માનંદ સ્વામીને મળ્યું છે. એ બ્રહ્માનંદ સ્વામીએ અહીં સત્સંગના પાયા નાખ્યાં, આવું સુંદર મંદિર કર્યું તો આપણી જવાબદારી બને છે કે આ સ્મૃતિઓ, આ સ્મરણ આપણા માનસપટ પર કાયમ અંકિત રહે.**

અહીં **ઉત્સવ**માં જેવી ડિસીપ્લીન હોય તેવી ફરજિયાત ડિસીપ્લીન દેખાતી નથી. પણ અંતરના ઉમળકા સાથેની સ્વૈચ્છિક શિસ્ત છે. ભીડમાં ધક્કો મારવાનું મન થાય તો ધક્કો પણ મારી દે, ખસેડી દે પણ **આ જે ઉમળકાનો ભાવ છે એ જગતમાં ક્યાંય જોવા મળતો નથી, એ માત્ર ભગવાનના આવા ધામમાં જ્યાં આવા ભક્તો ભેગા થયા હોય ત્યાં જ જોવા મળે છે. શિસ્તબધ્ધ લાઈન કે કતાર નથી પણ અંતરની ઉર્મિઓ વ્યવસ્થિત છે, એના મૂળ ખૂબ ઉંડા છે** અને એ મૂળના કારણે જ દેશ વિદેશથી અહીં સૌ ભેગા થયા છીએ. વાલી મારવાડથી પણ ઘણા બધા હરિભક્તો આવ્યા છે. વાલીમાં આપણું મદિર છે. એની પ્રતિષ્ઠા વાસુદેવપ્રસાદજી મહારાજશ્રી દાદાએ કરેલી તેનો એક પ્રસંગ યાદ આવે છે. **એ જમાનામાં વાહન વ્યવહારની આવી કોઈ સગવડતા નહોતી. તેમા પણ રણમાં જવા માટે ખૂબ અગવડતા હતી ત્યારે વાસુદેવપ્રસાદજી દાદા ઉંટ ઉપર બેસીને પ્રતિષ્ઠા કરવા ગયેલા. આ સંપ્રદાયનો જુનો ઈતિહાસ છે. સંપ્રદાયની ઉજ્જવળ પરંપરા અને ગરિમા છે જે આપણે જાળવી રાખવાની છે.** અમદાવાદ દેશમાં અરસપરસ જે પ્રેમ છે તેનું બંધન બહુ અદ્વિતિય છે. એની પાછળ કોઈ સ્કીમ કે બંધારણ આડું આવતુંનથી, સહજ છે. આચાર્ય, સંતો અને હરિભક્તોમાં અરસ-પરસ આવો સંપ, એકતા અને પ્રેમ એ લાલજી મહારાજશ્રી પછી પણ પેઢીઓ સુધી જળવાઈ રહે, અમદાવાદ ગાદીની આવી શોભા અકબંધ રહે એ જ આજના દિવસે પ્રાર્થના.

**તા. ૨૬-૦૧-૨૦૨૩ :** સુખના દહાડા બહુ જલ્દી વિતી જાય છે. આપણે **ઉત્સવ**ની વર્ષોથી રાહ જોતા હતા. એ જોત જોતામાં શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી સાંગોપાંગ અને સર્વોપરી **ઉત્સવ** ઉજવાયો. આ મંદિરનો ઈતિહાસ જોઈએ તો તેમાં કેટલીક

**વિશેષતા રહેલી છે. આ મંદિરના આર્કિટેક મહારાજ સ્વયં છે. બ્રહ્માનંદ સ્વામીને મહારાજે દર્શન આપીને લીટી દોરીને કહેલું કે અહીં પાયો ખોદો. સલાટે ખોદેલો પાયો મહારાજે બદલીને સ્વયં નક્કી કર્યો. મંદિરના મટિરીયલ સપ્લાયર્સ પણ મહારાજ છે. મહારાજે બ્રહ્માનંદ સ્વામીને દર્શન આપીને પથ્થરની ખાણ સુધી લઈ જઈને શીલા ઉપર સોટીના ત્રણ ટકોરા મારીને કહ્યું કે, આ પથ્થર વાપરો અને ભરવાડ વેશે દર્શન આપીને પાણીની વાવ પણ બતાવી. ધર્મકુળમાંથી સુવાસિની દીદીએ પોતાના કડલા આપીને મંદિરને ડોનેશન પણ આપ્યું. વળી મહારાજે સ્વયં મૂર્તિઓ આપી અને સ્વયં પ્રતિષ્ઠા કરી. તો આ મંદિર શ્રી નરનારાયણદેવ દેશ ગાદીમાં એક આગવું મહત્વ ધરાવે છે.**

બ્રહ્માનંદ સ્વામી પણ એક આગવી પ્રતિભા ધરાવે છે. રામાનંદ સ્વામી વિચરણ કરતા કરતા ખાણ ગામમાં પધારેલા અને ભગવાનના મહિમાની વાતો કરતા હતા તે સમયે **બ્રહ્માનંદ સ્વામી માતાના ઉદરમાં રહીને બોલ્યા કે સ્વામી ! પ્રગટની વાતો કરો. રામાનંદ સ્વામી કહે, મહાપુરુષ પ્રગટની વાતો તમારે કરવાની છે. જેઓને માતાના ઉદરમાં રહ્યા થકા આવો નિશ્ચય હોય એવા સંતપુરુષની કેટલી મોટાઈ હોય તેની કલ્પના કરો. એ સંત આપણને મળ્યા છે અને એ સંતે આ મંદિરનું નિર્માણ કરાવ્યું છે.** કોઈને ન થઈ હોય તેવી બધી જ પ્રાપ્તિ આપણને થઈ છે. માટે આ **ઉત્સવ** માંથી કંઈક લઈને જવાનું છે. સફળ વેપારી હોય એ તક શોધે, એ સીઝનનો ઉપયોગ કરી લે. આ ચકડોળવાળા અને લારી વાળા ફેરિયાઓ તમે જુઓ. (મહોત્સવ સ્થળથી નજીક લોક મેળો - આનંદ નગરી ઉભી થઈ ગઈ હતી) આપણે કોઈને આમંત્રણ આપ્યું નથી તો પણ તક જોઈને એની મેળે આવી ગયા છે. નાનો મોટો વેપાર થઈને જે કંઈ કમાણી થઈ એ ! ભીડનો લાભ લેવા કેટલીક વાર ખીસ્સા કાતરું પણ આવી જાય. ઘણા વર્ષો પહેલા આ મૂળીના જ **ઉત્સવ**માં આવા લોકો સ્પેશીયલ ગાડી ભાડે કરીને આવ્યા હતા. પણ બહુ સફળ નહોતા થયા. આપણે એ કમાઈને જવાનું છે કે આ કથાના માધ્યમથી જે કંઈ સારી વાતો આપણને લાગુ પડતી હોય એ જીવનમાં ઉતારવાની અને આપણા જીવનમાં જે કંઈ ખામી હોય એ ખામી દૂર થાય એવા સદ્‌ગુણ લઈને છૂટા પડવાનું છે.



અંગ્રેજો મહારાજને કહેતા, સ્વામિનારાયણ ! અમારી પાસે લશ્કર છે છતાં અમે માણસોને કાયદો અને વ્યવસ્થામાં સંપૂર્ણપણે રાખી શકતા નથી, તો તમે વગર લશ્કરે તમારા આશ્રિતોને કેવી રીતે નિયમનમાં રાખો છો ? મહારાજ તેઓને શિક્ષાપત્રી આપીને કહેતા કે આ શિક્ષાપત્રીના માધ્યમથી અમે કાયદો જાળવીએ છીએ અને વ્યવસ્થાનું પાલન કરાવીએ છીએ. આજે શિક્ષાપત્રી જયંતી પણ છે. માટે માત્ર પૂજા ન કરતા શિક્ષાપત્રીનું પઠન પાઠન પણ દરરોજ કરવું. મહારાજે વચનામૃતમાં પણ આજ્ઞા કરી છે કે ‘‘અમારી લખેલી જે શિક્ષાપત્રી તેનો પાઠ અમારા આશ્રિત જે ત્યાગી, સાધુ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ બાઈ-ભાઈ સર્વે તેમણે નિત્ય કરવો. ન થાય તો એક ઉપવાસ કરવો.’’ માટે આપણે એવું નહિ વિચારવાનું કે એકવાર વાંચી લીધી હોય પછી એનું એ ફરીને શું વાંચવું ? સતત વાંચનથી આપણને યાદ રહે કે ક્યારે આપણે આજ્ઞાનો ભંગ કરીએ છીએ અને આ કરવા જેવું નથી. **આજ્ઞાનો ભંગ કરીએ એટલે દુઃખ આવે અને દુઃખ આવે ત્યારે પાના ફેરવીને જોવું કે કંઈ આજ્ઞાનો ભંગ કર્યો તેનું આ દુઃખ આવ્યું. શિક્ષાપત્રીમાં રહીને મહારાજ જવાબ આપશે. વળી સુખ આવે તો પણ પાના ખોલીને જોવું કે કઈ આજ્ઞા પાળી તેનું આ સુખ આવ્યું. શિક્ષાપત્રીમાં રહીને મહારાજ આપણી સાથે વાતો કરે છે. માટે આખો પાઠ ન થાય તો દરરોજ પાંચ શ્લોકો વાંચવાનો તો નિયમ રાખવો જ.**

લાલજી મહારાજશ્રીને પણ આ પ્રસંગે ધન્યવાદ આપું છું કે તેઓએ અધ્યક્ષપદે રહીને માર્ગદર્શન આપ્યું છે. ઘણા કામો કરવાના છે. હજુ આના કરતા પણ મોટા **ઉત્સવો** તેઓશ્રીના અધ્યક્ષપદે થવાના છે. મહારાજે જેતલપુરના વચનામૃતમાં કહ્યું કે આ સમે તો સભાનું કર્યું પણ થાય છે. માટે મહારાજને પ્રાર્થના કરજો કે એમના કાળ દરમિયાન તેઓ શ્રી નરનારાયણદેવ ગાદીને ખૂબ મોટી ઉંચાઈ ઉપર પહોંચાડે, ખૂબ યશ અને કીર્તિ મેળવે, સંતો ભક્તોનો ખૂબ રાજીપો મેળવે અને દેવના ખૂબ આશીર્વાદ મેળવે. અહીંની મધુર સ્મૃતિઓ લઈને છૂટા પડીશું. હવે

ફરી પાછું એપ્રિલમાં આપણે ભુજમાં ભેગા થવાનું છે, યાદ રાખજો બધા. ભુજ અને મૂળી એ બન્ને મંદિરો એ શ્રી નરનારાયણદેવ ગાદીની જમણી અને ડાબી ભુજાઓ છે. માટે આપણે પ્રેમથી ત્યાં પણ **ઉત્સવ** કરવાનો છે. સૌને ખૂબ ધન્યવાદ અને આશીર્વાદ-શુભેચ્છાઓ સાથે વિરમું છું. જય સ્વામિનારાયણ.

**પ.પૂ. લાલજી મહારાજશ્રી તા. ૨૦-૦૧-૨૦૨૩ :** જે સમયની આપણે છેલ્લા એક વર્ષથી રાહ જોઈ રહ્યા હતા તે **ઉત્સવ**ની જાહેરાત અને તૈયારીઓ આપણે નરનારાયણદેવનો ૨૦૦ વર્ષનો **પર્વ ઉત્સવ** ઉજવ્યો એ સમયથી કરી રહ્યા હતા. મારે ઘણીવાર આવવાનું થાય ત્યારે હું જોતો હતો કે આ પ્રાંતના દરેક હરિભક્તો દિવસ રાત એક કરીને, તેમાં પણ ઘણા હરિભક્તો તો પોતાનો સામાન લઈને અહીંયા છેલ્લા ઘણા બધા સમયથી **ઉત્સવ** માટે મહેનત અને સેવા કરી રહ્યા હતા. રાધાકૃષ્ણદેવ પ્રત્યેનું તમારું એ સમર્પણ અને નિષ્ઠા એ ખૂબ ધન્યવાદને પાત્ર છે. એ નિષ્ઠા ન હોય ત્યાં સુધી આવા **ઉત્સવ** સમૈયા સફળ નથી થતા. **તમે બધાએ મહેનત અને પરિશ્રમ કરીને ગ્રામ્ય વિસ્તારમાં એક નગર ઉભું કર્યું છે. અને તેમાં ચાલી રહેલા આપણા ઉત્સવની નોંધ બહારના દેશ વિદેશના લોકો લેવાના છે. સ્વામિનારાયણ ભગવાને નવ મહામંદિરોનું નિર્માણ કરાવ્યું તેમાં આ બીજું મંદિર અને તેમાં બિરાજમાન મહાપ્રતાપી શ્રી રાધાકૃષ્ણદેવ આપણને પ્રાપ્ત થયા છે તો ઉત્સવ નિર્વિઘ્ન રીતે સફળતાપૂર્વક પુરો થશે એમાં કોઈ શંકાને સ્થાન નથી. કારણ કે રાધાકૃષ્ણદેવ હાજરા હજૂર છે.**

આ **ઉત્સવ**માં આજના પ્રથમ દિવસે આટલી મોટી સંખ્યામાં આપ સૌ ઉપસ્થિત રહી આનંદ લઈ રહ્યા છો ત્યારે બાકીના છ દિવસ સુધી આપના ગામના તથા વિસ્તારના વધુને વધુ હરિભક્તો આ **ઉત્સવ** માં જોડાય એ માટે પ્રેરણા કરજો. કારણ કે આપણા જીવનમાં એક જ વાર આ **ઉત્સવ** આવવાનો છે. આપણે ભાગ્યશાળી છીએ કે આપણા જીવન કાળમાં નરનારાયણદેવનો ૨૦૦ વર્ષનો અને આ મૂળી રાધાકૃષ્ણદેવનો ૨૦૦ વર્ષનો **ઉત્સવ** આપણે જોયો એટલે બાકીના દિવસોમાં પણ લાભ લેવાનું ચૂકશો નહિ. બધાના જીવનમાં રાધાકૃષ્ણદેવ પ્રત્યેની નિષ્ઠા અને મહિમા વધે અને **ઉત્સવ**ના માધ્યમથી સંપ્રદાય પ્રત્યેનો પ્રેમ, અરસ પરસ સ્નેહ વધે એ જ શ્રી રાધાકૃષ્ણદેવના ચરણોમાં પ્રાર્થના

**તા. ૨૬-૦૧-૨૦૨૩ :** આમ તો આજે આ **ઉત્સવ**નો પૂર્ણાહુતિનો દિવસ છે. પણ અહીંયા ૨૦૦ વર્ષનો **ઉત્સવ** હકીકતમાં પૂરો નથી થતો. આજુબાજુના ગામડાઓ સહિત મૂળી પ્રદેશના સમસ્ત હરિભક્તો માટે આ **ઉત્સવ** થી એક નવા યુગની શરૂઆત થાય છે. કારણ કે અત્યાર સુધી જેટલા **ઉત્સવો** મૂળીમાં ઉજવાયા એમાં છેલ્લા ૨૫ વર્ષ પછી આવો એક મોટો સમૈયો થયો છે. અમદાવાદ અને મૂળી એમ બન્નેનો ૨૦૦ વર્ષનો **ઉત્સવ** આપણે ઉજવ્યો તો હવે આપણી એક જવાબદારી બને છે કે, આપણી જે ભાવિ પેઢી છે, દીકરા-દીકરીઓ છે એ લોકો સત્સંગમાં કઈ રીતે જોડાઈ રહે એ પ્રયત્ન આપણે સૌએ ભેગા થઈને કરવાનો છે. ખાસ કરીને યુવાનોમાં કઈ રીતે સંસ્કારો આવે, કઈ રીતે ભગવાન ઓળખાય અને ભગવાન સાથે જોડાઈને રહે એના માટે નાના-મોટા **ઉત્સવો** મૂળીમાં કરતા રહેવાના છીએ. દેશ વિદેશથી ખૂબ મોટી સંખ્યામાં, સભામંડપમાં નથી એના કરતા વધારે બહાર હરિભક્તો જોવા મળે છે. ધામોધામથી સંતો પધાર્યા છે, સૌએ **ઉત્સવ**નો લાભ લીધો છે. અને એ **ઉત્સવ** જ્યારે નિર્વિઘ્નપણે અને ખૂબ ધામધૂમથી પૂર્ણાહુતિ તરફ જઈ રહ્યો છે ત્યારે એનું શ્રેય માત્ર અને માત્ર રાધાકૃષ્ણદેવને જાય છે. કારણ કે આ **ઉત્સવ** રાધાકૃષ્ણદેવનો છે. અને એમના થકી જ **ઉત્સવ** પૂરો થયો છે. અને આવી જે શ્રધ્ધા અને નિષ્ઠા રાધાકૃષ્ણદેવ માટે આપણા હૃદયમાં છે એ નિષ્ઠા અને ભક્તિ વધતી રહે એવી મહારાજના ચરણોમાં પ્રાર્થના કરવાની છે.

**શહેરમાં ઉત્સવ કરવો સહેલો પડે છે. કારણકે નાનું-મોટું જે લાવવાનું હોય એ સરળતાથી મળી જતું હોય છે. પરંતુ આવા ગ્રામ્ય વિસ્તારમાં આવું મોટું નગર ઉભું કરવું એ કોઈ નાની સુની વસ્તુ નથી.** માટે રસોડામાં, પાર્કિંગમાં, ટેન્ટની સેવ



ામાં કે મંદિરમાં કે જ્યાં પણ પોતપોતાના સ્થાને રહીને દિવસ રાત જોયા વિના સેવા કરી છે, જેઓએ સભા મંડપ જોયો પણ નથી. એવા દરેક હરિભક્તો તથા સંતોને ખૂબ ખૂબ ધન્યવાદ, મહારાજ સૌનું ખૂબ રૂડું કરે તથા દિવસે ને દિવસે દેવની નિષ્ઠા વધતી રહે એવી રાધાકૃષ્ણદેવના ચરણોમાં પ્રાર્થના.

**પ.પૂ. મહારાજશ્રી તા. ૨૧-૦૧-૨૦૨૩ :** રાધાકૃષ્ણદેવની ઉચ્ચ સ્વરે જય બોલાવીને પ.પૂ. મહારાજશ્રીએ કહ્યું કે, **રાધાકૃષ્ણદેવના પ્રાંગણમાં આપણે દ્વિતીય મંદિર, મહારાજે જે દેવની પ્રતિષ્ઠા કરી છે એનો ઉત્સવ, જેનું નામ જ ઉત્સવ છે, આગળ પાછળ લગાડવાની કંઈ જરૂર નથી. 'ઉત્સવ' શબ્દ પૂરતો છે. ઉત્સવ બધુ કહી આપે છે. ભગવાનનો ઉત્સવ, ભગવાન ઓળખાયાનો ઉત્સવ, સત્સંગ તરફ પ્રયાણ કરવાનો ઉત્સવ, મારી પાછળ ઉત્સવનો લોગો દેખાય છે, એ લોગો બનાવવા માટે બહુ પાછળ પડ્યા, બનાવી આપો. એ લોગો આજે સાર્થક થયો છે.**

દેવ સ્વામીએ વાત કરી, ઈતિહાસ કહુંછું, Mythology (પુરાણ કથા) કે દંત કથા નથી કહેતો. મહારાજે મુળીનું મંદિર નિર્માણ કરવા માટે બ્રહ્માનંદ સ્વામીને આજ્ઞા કરી ત્યારે સ્વામી ઉદાસ થઈ ગયા કે આમાં કંઈ છે નહિ. **ઝાલાવાડ સુકો પ્રાંત છે. ત્યારે સુવાસિની બાએ પોતાના પગના કડલા કાઢીને બ્રહ્માનંદ સ્વામીને આપેલા. મૂળીયા ભૂલવા ન જોઈએ અને એ કડા એટલા વજનવાળા હતા કે હાથમાં લો તો હાથ આમ નમી જાય ! એ કડા કાઢીને આપ્યા એ દિવસે બ્રહ્માનંદ સ્વામીને એટલું બળ આવી ગયું કે હવે આ મૂળી મંદિરના શિખર ઉપર ધજા ફરકી જશે. આ ઈતિહાસ છે.** કોઈ બ્રાન્ડ Equity (ખાસ નીતિનું નિશાન) હોય છે. તેની પાછળ તેનું તત્વ હોય છે. meaning (ભાવાર્થ) હોય છે. and correct may if I may wrong, hurry, this always a meaning અને **મહારાજે કીધું કે આ સુવાસિની ભાભીએ જે કડલા આપ્યા છે અને અમારું ધ્યાન રાખ્યું છે ત્યારે અમે કોઈ દિવસ કૃતઘ્ની નહી થઈએ. અમને જે કંઈ મળશે એ બધુ અમારા દીકરાને આપી દઈશું.**

**ધર્મકુળને તેડાવ્યું, લોયામાં ધર્મકુળ આવ્યું** ત્યારે મહારાજ શાકોત્સવના **શાકનો વધાર કરતા હતા, તે સમયે જે મૂર્તિ હતી તે મૂર્તિ કઈ હતી ? જેના તમે દર્શન કરી રહ્યા છો તે માત્ર રાધાકૃષ્ણદેવની મૂર્તિ હતી.** હરિકૃષ્ણમહારાજ પછી પધરાવ્યા છે, મહારાજ અંતર્ધાન થયા પછી. ઈતિહાસ જાણો. અમૂક લઈ મંડાણા છે. પરંતુ વાસ્તવિકતા આ છે. ઈતિહાસ જાણ્યા વિના લોલમ લોલ ન કરવું.

મહારાજે લોયામાં સુરા ખાચરને પૂછ્યું કે આ ગામમાં બધાને આનંદ કરાવવો છે, **ઉત્સવ** કરવો છે આપણે. ત્યારે સુરા ખાચર કહે, અહીંયા તો રીંગણા મળે. મહારાજ કહે, વાંધો નહી, આપણે શાકોત્સવ કરીએ. એટલે **આજે શાકોત્સવ ગમે ત્યાં થતા હોય પણ એ મૂર્તિ આપણી પાસે છે. બે મહિના સુધી મહારાજે એ મૂર્તિની વ્યક્તિગત રીતે સ્વયં સેવા કરી, થાળ ધરાવ્યા, આરતી કરી અને પછી અહીંયા સ્વહસ્તે પધરાવી છે. આ ઈતિહાસ જાણવો જરૂરી છે.** જાણવો જરૂરી છે કે નહિ ? ઝાલાવાડમાં આજે જે લીલોતરી દેખાય છે તેની વાસ્તવિકતા જો જાણવા જઈએ તો એ બે વસ્તુને આભારી છે. એક તો સુવાસિની ભાભીએ પગના કડલા કાઢીને બ્રહ્માનંદ સ્વામીને આપીને એડન્ટ કેટલસ મુક્યું. અને બીજું આ રાધાકૃષ્ણદેવની મૂર્તિ એ, તો જો **ભગવાનમાં ભેદ નથી, ભેદ આપણામાં છે. હંમેશ કહેતો આવ્યો છું અને કહેતો રહીશ કે, આપણે દેવના થઈને રહેવાનું છે. કોઈના થવાની જરૂર નથી, ભગવાનના થાવ. ભગવાનના થશો તો સાચો માણસ તમારો થશે. નહી તો લોહ ચુંબકની જેમ ચીટરો જ ભટકાવાના છે. જો દેવના થયા તો ખુમારી પણ આવશે અને એ ખુમારીને કોઈ આંટી નહી શકે.**

ઋષિમુનિઓએ ભગવાનનો મહિમા ગાવામાં જેમ નેતિ..... નેતિ.... કહીને છોડી દીધું. તેમ આપણે પણ આ પ્રાંગણની અંદર એટલા ભાગ્યશાળી છીએ કે આપણા ભાગ્યનો પણ નેતિ... નેતિ...... ન ઈતિ..... ન ઈતિ...... જેનો કોઈ છેડો નથી. કેમ કે



આપણી કુંડળી દેવ સાથે જોડાણી છે. ઝાલાવાડને રાધાકૃષ્ણદેવની ભેટ સ્વયં મહારાજે આપી છે. માટે ખુમારી રાખજો અને તમે એ ખુમારી રાખી છે. વચ્ચે આવ્યો હતો ત્યારે પણ સભામાં બેસીને જેટલું કહેવું હતું એટલું કહી દીધું હતું. કારણ કે આ દેવ શું બજારમાં મળે છે ? પૈસાથી મળે છે ? મને કહેશો ? અને જો પૈસાથી મળતા હોય તો લોકોએ તિજોરીમાં રાખ્યા હોય. **આ દેવ શ્રધ્ધાથી મળે છે. અને પ્રત્યક્ષ છે. માગણી કરવી નહી. ભગવાનને દાડિયા તરીકે નથી રાખવાના. ભગવાનને ઉજવો, આપણી જાતને ઉજવો, ભગવાન મળ્યા છે એના માટે. પછી જુઓ, અંદરથી કેવી મજા આવે છે, કેવો આનંદ આવે છે ! બાકી ઉપરછલ્લું તો બધું થાય છે.**

વચ્ચે આવ્યો હતો ત્યારે અહીંયા કન્સ્ટ્રકશન ચાલતું હતું. ચોકડીઓ બનતી હતી, ચૂલા બનતા હતા, એક એક જગ્યાએ જઈને બધા હરિભક્તોને મળ્યો હતો. કારણ **નાના-મોટા કોઈ નથી. એ ઉભું કરવા પાછળ જેણે યોગદાન આપ્યું છે એ મોટા છે.** અહીં બેઠા છીએ એ સગવડ એમનમ થઈ નથી. એની પાછળ યોગદાન છે. અને એની વાત કરવા જઈએ તો ઘણી લાંબી થાય પણ **ઉત્સવ** માણજો. આપણે ભગવાન મળ્યાનો આનંદ પ્રાપ્ત કરવાનો છે. ભગવાન જેવા ભગવાન મળ્યા છે. એનો આનંદ, એની ખુમારી હંમેશ રાખવાની હોય છે. **બીજે ભીડમાં જઈએ તો ક્યારેક ભૂલી જવાય પણ ત્યારે પાછું વળીને જોવું અને એટલા માટે જ શિક્ષાપત્રીનો નિત્ય પાઠ કરવાનો છે.** બધાને ખબર છે શિક્ષાપત્રીમાં શું આવે છે. પણ નિત્ય પાઠ એટલા માટે કે ક્યાંક વિસ્મરણ થઈ ગયું હોય તો પાછું સ્મરણમાં આવી જાય, એટલે મહત્તા છે. પાંચ શ્લોક રોજ વાંચવા પણ ટુમટુમિયું લઈને નહી, મને ખબર નથી કે મહારાજ ગણિતના માસ્તર હતા કે શું હતું ? મહારાજ તો પ્લસ કે માઈનસની ગણતરી કરતા નથી. હકીકતમાં, ભગવાનની એક વખત અંતરથી શ્રધ્ધાપૂર્વક યાદનો સ્મૃતિ તથા અહોપણું થઈ આવે તો એ હજાર ટુમટુમિયા બરાબર છે. એ ટુમટુમિયામાં તમને ખબર પડી ગઈ હશે. મને નામ નથી આવડતું. હું એમાં માનતો નથી.



**જે કરવાનું છે એ કરવું, જે નથી કરવાનું એ શું કરવા કરવું ? ૨૧૨ શ્લોક ઓછા પડે છે આપણને ? અમૂક એનાથી વધારે જાય છે. મહારાજે કહ્યું છે કે આ વખતે અમે કંઈ અધુરું રાખ્યું નથી. મહારાજના આ વચનનો ભાર ન હોય તો કાં તો મહારાજ મૂર્ખ હતા અને કાં તો આપણે મૂર્ખ છીએ, બેમાંથી એક વસ્તુ થાય. ૨૧૨ શ્લોક પળાય તો પ્રત્યક્ષ મહારાજ લીફટ લઈને આવે.** પણ આ તો સાઈડની વાત છે. મહત્વની વસ્તુ એ છે કે **ઉત્સવ** માણજો અને ઘરનું જાણીને રહેવાનું છે. માનીને નહી. આમ ન હોતું ને તેમ ન હોતું, આમ ગયા ને તેમ ગયા, ફલાણે ગયા. તીર્થાટન જઈએ ત્યારે ગાંઠનું લઈને જવું. સાંભળ્યું છે ને ? **અહીં તો લાડવા મળે છે. તોય ઘણા બીમાર રહે છે. એ બીમારી મગજની છે. હવે ઉત્સવ માણો ઘરધણી થઈને આવો. મહેમાન બનીને આવવાની જરૂર નથી. આપણો બાપ સિંહાસનમાં બેઠો છે. આપણે એના દીકરા છીએ. તો આ પરિવાર થયો કે ન થયો ? તો પરિવારમાં ફરિયાદો થાય છે ?** જતું કરો, મૂકો અને જતું પણ શું કરવા કરવું ? ફતવો તો બહુ મોટો છે. ફતવામાં તો ગાંઠનું લખ્યું છે એ પ્રમાણે તો સુવિધા ન આપવી જોઈએ. છતાં **તમે અમારા પરિવારના છો. એના માટે આ સગવડ ઉભી થઈ છે. નહી તો આવા વિસ્તારમાં આવું ઉભું કરવું એ બહુ કઠણ છે. આ વાસ્તવિકતા કહું છું. માટે માણો બસ, ખૂબ માણો અને ભગવાનનું બળ રાખશો તો ભગવાન હંમેશા તમારી સાથે રહેશે. રહેશે ને રહેશે.** અંતમાં સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

**તા. ૨૩-૦૧-૨૦૨૩ :** આશીર્વાદ માત્ર જે આ સિંહાસનમાં બેઠા છે એ ભગવાન આપે છે, અમે પ્રાર્થના કરીએ છીએ. **આશીર્વાદના લંગરમાં જો ચડી ગયા તો આવી બન્યું છે. આશીર્વાદ આપવા વાળા અત્યારે અઠવાડિયામાં બાર નવા પેદા થાય છે. થાય છે ને ? આપણી વાત નથી કરતો. જગતની વાત છે અને ત્યાં ભીડ ભાડ થાય છે, પ્રેક્ષક મળી રહે છે.**

હરિપ્રસાદ ચૌરસીયા વૃન્દાવન ગુરુકુળ છે ત્યાં બાંસુરીવાદક છે. સરસ બાંસુરી વગાડે છે. મૈનખરજ કે તાન કે. .... જેને સંગીતની ખબર પડતી હોય તેની વાત છે. પંડિત જસરાજજી એક વાર ઘેર આવ્યા હતા, વાત નીકળી, જેને સુર માં મગજ ન ચાલતું હોય તે અસુર કહેવાય. સુર ન હોય તેને અસુર કહેવાય. આપણા બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી આદિક સંતોએ જે કીર્તનો ગાયા છે તે સંગીતની પરંપરા ક્યાંય અટકી નથી. આપણી દ્રષ્ટિમાં ફેર પડેલો છે. હવે પેલા જેવું નથી રહ્યું ! સ્વામીએ કહ્યું, ચકરડા કર્યા હતા. એ ચકરડા નહોતા વાળ્યા. પોદળામાં હાંઠા નાંખ્યા હતા. આ ઝાલાવાડ પ્રાંત છે. સમજણ હોય એ જ સમજશે. **જ્યાં ને ત્યાં પોદળામાં હાંઠા નાખ્યા વિના દેવ ના થઈને રહેશો તો કંઈ કરવું નહી પડે.** દેવના થયા તો હું ઉભો થઈ ગયો. કોકના થશો તો ઉભો નહી થઉં અને તમને ઉભા પણ નહી રહેવા દઉં. દેવનું છે એટલું જ ટેટુ કંડારીને આપણે આપણા જીવની અંદર, કારણ શરીરની અંદર કંડારીને લખી લેવું. **દેવનું છે એટલું જ આપણું છે, બાકી બધું નષ્ટ છે. ક્યાંય પણ દેવ વિરોધી કાર્ય થતું હોય ત્યાં મહારાજે કીધેલું છે કે એને યુક્તિએ કરીને બુધ્ધિ ભ્રષ્ટ કરે છે. કરે છે ને ?** આમ કરો એટલે આમ થાય, ગઈ કાલે જ એક હરિભક્ત મળેલા, કહે, આમ કર્યું હોય તો આમ થઈ જાય. મેં કહ્યું, કાગડાને બેસવું ને ડાળને ભાંગવું. એવું તો હુંય કરી શકું છું. પણએવો ધંધો નથી કરવો અમારે. દેવ સિવાય વાત નહી કરું. **દેવનું પ્રધાનપણું, રાધાકૃષ્ણદેવનો મહિમા છે. એ મહિમાં હૃદયથી નાભી સુધી જ્યારે ઉતરશે ત્યારે પૂર્ણકામ થશો.** ચાંદલો કર્યા પછી એમ ન સમજશો કે સત્સંગી થઈ ગયા. અમે સત્સંગી છીએ, આ તો પરોક્ષવાળા છે, એમ ? તો તમને સુપ્રિમ કોર્ટના જજ બનાવીએ ! માંહિલો જાણે છે, સિંહાસનમાં બેઠેલો જાણે છે, આપણા અંતરમાં શું છે ? **કોઈના સર્ટિફીકેટ નથી જોઈતા આપણે, ભગવાનના સર્ટિફીકેટ જોઈએ. ભગવાનનો રાજીપો હોય તો બહું થઈ ગયું અને એ રાજીપો રૂપિયાથી નથી મળતો.**

મહારાજે સ્થાપેલી પરંપરા અને સિધ્ધાંત પૂર્વજો પાસેથી મળતા હોય એ આગળ વધતા રહે. દીકરા-દીકરીઓને કહેવું ન પડે તો સમજી લેવું કે ભગવાન રાજી છે. સાવ સિમ્પલ વસ્તુ છે. મેં જોયા છે એવા દીકરા-દીકરીઓને કે જેને શીખવાડવું નથી પડતું. બીજ બળ અંદર હોય જ છે, એને માહોલ આપવો પડે છે.

**૨૧૨ શ્લોકમાં ચોટલીની વાત આવતી નથી. મહારાજ ભૂલી ગયા ?** કારણ કે આ બે વસ્તુનો સમન્વય નથી થતો કોઈ દિવસ. મહારાજે કીધું કે, આ વખતે કોઈ વસ્તુ બાકી રાખી નથી. કીધું છે ? કહો તો, કીધું છે કે નથી કીધું ? પરાણે ના કહેશો હો ! ૨૧૨ માં લખ્યું છે કે,

सच्छास्त्राणां समुदधृत्य सर्वेषा सारमात्मना ।
पत्रीयं लिखितां नृणामभीष्ट फलदायिनी ॥

સંસ્કૃત અઘરું નથી. **આ શિક્ષાપત્રી અમે લખી છે. અને તે સર્વ મનુષ્ય માત્રને મનવાંછિત, મોટા ફળની દેનારી છે. જો શિક્ષાપત્રી પ્રમાણે વર્તે તો અને નહી વર્તે તો ન્હાવા નિચોવાનો સંબંધ નથી. એ પછી આવે છે.** ચોટલીવાળાને કોઈક મંત્રી ન જાય એ જોજો, સાચવજો, મંત્રાવવા જ રખાવી છે, ખુલ્લેઆમ કહું છું. **ભગવાને નથી કીધું એ આપણે ક્યાંથી કાઢ્યું ? આજે દુનિયામાં કોઈ ૨૧૨ નું ૨૧૩ કરી શક્યું છે ? ન ફાવે તો ફેરફાર કરી નાખે બાકી સાચું એ સાચું જ છે. અને સાચુંજ રહેવાનું છે. એ સૌ પ્રથમ તો સિધ્ધાંત છે એ દેશ વિભાગનો લેખ છે, એ સંપ્રદાયનું બંધારણ છે, જે પર્વમાં બધાને આપેલ છે.** હજુ જરૂર હોય તો લઈ જશો. શિક્ષાપત્રી મહારાજે પોતે લખી છે. સત્સંગિજીવન ધર્મશાસ્ત્ર છે એમાં પણ ચોટલીનું આવતું નથી. શિક્ષાપત્રીમાં લખેલ, બધાના ધર્મોને સત્સંગિજીવનમાં સમજણ આપીને મેગ્નીફાય (વિસ્તૃત) કર્યા છે. અને જો સમજણ ન પડતી હોય તો આઠ સત્છાસ્ત્રોનો રેફરન્સ લેવો, માનવા નહિ, કારણ કે યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ વાંચશો તો પાછા ક્યાંક માંસાહાર શરૂ કરશો, ખબર નથી એટલું સારું છે, નહી તો પાછું નવું તૂત આવશે. **ભગવાને કીધું એટલું જ કરવાનું છે. એટલું કરાય તો બહુ છે.**

સંગીતની વાત હતી. જસરાસજી આવ્યા હતા ત્યારે બાપજીએ પ્રશ્ન કર્યો હતો કે શાસ્ત્રીય સંગીતની જેવી ઉન્નતિ પ્રગતિ થવી જોઈએ તેવી નથી થઈ. ભૂતકાળની વાત કરું છું. હવે તો તેઓ ધામમાં જતા રહ્યા. પણ એ પહેલા મળવાનું ઘણીવાર થયું હતું. અમારી સાથે બહુ હેત રાખતા હતા. એ કહે, પ્રભુ... આ જે સાચવી રાખ્યું છે, શાસ્ત્રીય સંગીતની પરંપરા સાચવી રાખી છે એ મોટી વાત નથી? બોલવાની સ્ટાઈલ અનોખી હતી. નીચે ભોંય જમીન પર બેસીને તાનપુરો અને તબલા સેટ કરાવતા હતા. હું પણ નીચે બેઠો ત્યારે લાલજી મહારાજશ્રી તરીકે હતો એટલે બાજુમાં પડેલી પેંડાની પ્રસાદી લઈને મને કહે, યે માતાજીકા પ્રસાદ લો. મેં આમ માથે ચડાવીને લીધી. આપણે અહીં તો માતાજીનો પ્રસાદ પણ લેવા તૈયાર નથી થતા. ડિવીઝન કરી નાખ્યું છે. સિંહાસનમાં બેઠા એને કોઈ પ્રોબ્લેમ નથી. પ્રોબ્લેમ આપણને છે. પાટીયા મારી દઈએ છીએ. ભઈ, શક્તિનું સ્વરૂપ છે. આપણા મંદિરમાં રાધિકાજી, લક્ષ્મીજી કે પાર્વતીજીનું સ્વરૂપ છે. કેવી રીતે તમે દર્શન કરશો ? અવળ ચંડાઈ બધી માણસમાંથી આવે છે. **આમ કરીને (આંખો પર આડો હાથ કરીને) દર્શન કરતા હોય એ સમાજમાં રહેવા લાયક માણસ નથી. એને ભગવાનમાં વિચિત્રપણું નીકળતું હોય, દેવના દર્શનમાં જો વિકારની ભાવના થતી હોય, તો એને સમાજમાં છૂટો મુકાય નહી. આ હકીકત છે કે નથી ? એને પૂરી જ દેવાનો હોય. આવી પણ પ્રજાતિ છે.**

ગરાસીયા રજપૂત દરબારોને અફીણ છૂટતા ન હોતા એ માટે મહારાજે અહીં હોકા મેડી બનાવી છે. હવે તો જર્જરિત થઈ ગઈ છે. જીવંત કરવાની છે. આ બહોળાશની વાત છે. પ્રતિપાદનની વાત નથી. ઈતિહાસ છે. હમેંશા કહું છું, લોલમ્

લોલ ન કરો. પોદળામાં હાંઠા ન નાખશો. **શીદને ભટકો છો મત પંથમાં રે લોલ....** નંદ સંતોના મુખેથી આવા વચનો નીકળી ગયા છે. લખ્યા નથી, બોલ્યા નથી. મહારાજની મૂર્તિ સામે બેસીને દર્શન કરીને સ્ફુરી ગયા છે.

વાત શાસ્ત્રીય સંગીતની હતી. સાચવી રાખ્યું હોય તો કાલ ઉઠીને કોઈ વિસ્તાર કરી શકશે. ઓછું થઈ ગયું હોય તો શું થાય ? વિસ્તાર કર્યા કરતા સાચવી રાખો તોય ઘણું છે. આપણી બુદ્ધિથી તો વધારવાની જરૂર છે જ નહિ. ભગવાનની બુધ્ધિથી વધારો. દીકરા-દીકરીઓમાં ભગવાન પ્રત્યેની નિષ્ઠા આપણા કરતા પણ સવાઈ થાય એવું અવશ્ય કરો. હવે બાકીની વાત પછી કરીશું. સહજાનંદ સ્વામી મહારાજની જય.

**તા. ૨૪-૦૧-૨૦૨૩ :** મોટા બાપજીની આજ્ઞાથી અને લાલજી મહારાજશ્રીને જોડે રાખી માર્ગદર્શન લઈને આપણા આ મૂળી મંદિરનો માસ્ટર પ્લાન, માત્ર સંતોના ઉતારા નહી, એ તો ખરા જ પણ સાથે સાથે, હરિભક્તોને જમવા માટે, રહેવા માટે, અને ગમે તે નાની મોટી સગવડ, પાણીથી લઈને સુએજ સુધીનું બધું જ આયોજન એનો માસ્ટર પ્લાન તૈયાર થઈ રહ્યો છે. ઓલ રેડી ઈન પ્રોગ્રેસ છે. મહારાજે ઝાલાવાડનું આ કેન્દ્ર બિન્દુ મૂકેલું છે. લગભગ ૬૦% તૈયાર થઈ ગયું છે. તો એ જ્યારે સંપૂર્ણ થશે ત્યારે સંતો ગામડે ગામડે આવશે અને તમને જાણ કરશે પછી ઈચ્છા હોય એ કરજો. કોઈ જોર જબરદસ્તી કરવાની નથી. અમારો ભગવાન બહુ બળિયો છે. આ રાધાકૃષ્ણદેવને મહારાજે પોતે ઝાલાવાડને આપ્યા છે. માટે કંગાલિયતની હાલત નથી.

જાણ દરેકને થશે. નાનામાં નાનો હરિભગત જે લોકો કહે છે, હું નથી કહેતો. કેમ કે નાનો કોણ ને મોટો કોણ ? લાખમાંથી હજારનું દાન કરે છે એ મોટો છે ? કે ૧૦૦ માંથી ૫૦ નું દાન કરે છે એ મોટો છો ? રેશિયો ઈન્ડીકેટ કરો એટલે નાના કે મોટા કોઈ નથી. જે માણસ ગામડા ગામની અંદર જેની આજીવિકા સિમિત છે એ જ્યારે પોતાના ઘરમાં ખાટલો કે પાટલો બદલતા દસ વાર વિચાર કરે છે પણ મંદિરનું કામ હોય ત્યારે વિચાર નથી કરતો, પણ એ નથી કરવાનું. મહારાજે કીધું છે કે આપણે આપણા સામર્થ્ય અનુસાર આપવાનું છે, સામર્થ્ય છુપાવીને પણ નહી અને સામર્થ્ય બહાર દેવું કરીને પણ નહિ. એટલે મૂળ તો ઝાલાવાડના આ મધ્યબિંદુમાં રાધાકૃષ્ણદેવ બિરાજમાન છે અને આ પૈસા એટલા માટે વાત કરું છું કે મમત્વ થાય. મારે જોઈએ છે એટલા માટે નથી કહેતો. પાંચ રૂપિયા આપ્યા હશે તો મમત્વ થશે કે અમે આમા યોગદાન આપ્યું છે. મહારાજે જે મંદિરો ઉભા કર્યા છે એ આવી રીતે જ ઉભા કર્યા છે. લોકો સમય પણ આપતા હતા. હરિભક્તોનો ઉત્સાહ છે. ઉમંગ છે. જાહેરાત કરવાનું કહેતા હતા એટલે આ વાત કરી. વાંધો આવે એવું છે  જ નહિ. આ મહાનુભાવો બેઠા છે. એમાંથી સ્ટેજ ઉપરથી જ પુરુ થઈ જાય એવું છે. ધારીએ તો એક માણસથી પુરુ થઈ જાય પરંતુ આપણે એ નથી કરવું. કોઈના ઉપર આરોપિત નથી કરવું. જે ખેતરમાં પાણી વાળતા હોય એવા હરિભગતને પણ ઈચ્છા થાય, લાભ મળે, આ દેવની સેવામાં મારું પણ યોગદાન છે. એવી વિચારસરણીથી આપણે કાર્ય કરીએ છીએ. એટલે ટૂંક સમયમાં મહિના સવા મહિનામાં બધાને સંતો જાહેરાત કરશે. કેમ કે બધું થાય છે. **પોતપોતાનું તો બધા કરે છે પણ દેવનું કોણ કરવાનું છે ? આપણે દેવનું જ કરવાનું છે.... દેવનું જ કરવાનું છે. આમાં કોઈ ખંડિયા રાજાને નથી આપવાના આ નરનારાયણદેવ દેશ છે. આ  રાધાકૃષ્ણદેવ પધરાવ્યા છે એની ખુમારી રાખીને જીંદગી જીવવાની છે. અને એ ખુમારીથી તમે યોગદાન આપો છો.** એ સમાચાર હું લેતો રહું છું.



એકાઉન્ટના ચોપડા અઠવાડિયા પછી થર્ડ પાર્ટી ઓડિટ માટે અમદાવાદ નરનારાયણદેવ હેડ ક્વાટર છે ત્યાં બધા જ કાગળ વાઉચર શીખે ટ્રાન્સફર થઈ જશે અને ૧૫ દિવસમાં એ ઓડિટ લોકોને પ્રાપ્ય પણ થઈ જશે માટે હરિપ્રકાશ સ્વામી, એકાઉન્ટ ડિપાર્ટમેન્ટમાં જે હોય એને કહી દેશો કે ચોપડા રાખી મુકે. જો આઘું પાછું થઈ જાય તો સારું ન કહેવાય. કેમ કે, **આ પૈસા હરિભક્તોના પરસેવાથી નહિ, લોહીથી ઉભા થયા છે. હરિભક્તનો એક એક રૂપિયો આનો કે પૈસો મફતમાં નથી આવતો.** જેના માટે આપણે જવાબદાર છીએ. માટે એની ચોક્કસાઈથી ઝીણવટ પૂર્વક તપાસ થશે. તેથી અત્યારથી કહી રાખ્યું અને એ એડવાઈઝરી કમિટી છે. બાય ધ વે, કોઈ ટ્રસ્ટી નથી. સોલ ટ્રસ્ટી માત્ર જે તે સમયના આચાર્ય છે. હું છું એમ નથી કહેતો, કાલ સવારે લાલજી મહારાજશ્રી આચાર્ય હશે તો તેઓ સોલ ટ્રસ્ટી

થશે. **જવાબદારી અમારી એટલી છે કે પાણી ક્યાં વાળવાનું છે ? જ્યાં લીલું હોય ત્યાંથી વાળી લઈને જ્યાં સૂકાઈ ગયું હોય ત્યાં વાળીને લીલું કરવાનું છે.**

અમારી કિમિટીની મિટિંગમાં બધું પારદર્શક હોય છે. મિટિંગ પાંચ મિનિટમાં પુરી થઈ જાય. **આપણે નિમિત્ત છીએ. સમાર્થ્યવાન દેવ છે.**

**તા. ૨૬-૦૧-૨૦૨૩ :** સૌ પ્રથમ તો પાછળ તપ કરતા અમારા હરિભક્તો ત્યાંથી લઈને આગળ સુધીના બધાને જય સ્વામિનારાયણ, વાંહેવાળાને કોઈ જોતું જ નથી. આગળ તો સીટ તરત મળી જાય પણ પાછળ રહીને ઉભા ઉભા જે ભાઈઓ બહેનો તપ કરે છે અને જે દેખાતા નથી એની માળા ફેરવાય છે. એના પુણ્ય પ્રતાપે આપણે સુખિયા છીએ. આ સનાતન સત્ય છે. **મુક્તાનંદ સ્વામીને એ બધા નંદ સંતો એમનમ બેઠા નહોતા રહેતા. મંદિર માટે ગારો પણ ખૂંદતા હતા.** એક હરિભક્ત આવ્યા, કહે, મારા છોકરાને આશીર્વાદ આપો. સ્વામી કહે, ભગવાન સારું કરે જા, ભગવાન સારુ કરે. પેલા ભગત કહે, ના , એમ નહી. છોકરાને માથે હાથ મૂકો. સ્વામી કહે, એમ તો હું આખો બેસી જઈશ તો પણ સારુ નહી થાય. સારુ એમ આશીર્વાદથી ન થાય. આશીર્વાદ દેવના મળે છે, જ્યારે આપણે દેવના થઈને રહીએ ત્યારે. કોઈના થવાની જરૂર નથી, દેવના થાવ.

શિક્ષાપત્રીના ૨ ૧ ૨ શ્લોક છે. મહારાજે કહ્યું છે, ભદ્રૂપમિતિ મદ્રાણી .... આ જે અમારી વાણી, તે અમારું સ્વરૂપ છે. તમે ખંડિત સ્વરૂપ પૂજો છો ? પૂજો છો ? ચલો બોલો. તો **ખંડિત શાસ્ત્રનું પૂજન પણ ન જ થાય. આ બહુ વિચાર કરવાની વસ્તુ છે. પોતાની મેળે ઉગાડેલા શાસ્ત્રો નહી ચાલે.** પહેલામાં પહેલું દેશ વિભાગનો લેખ, પછી શિક્ષાપત્રી, સત્સંગિજીવન, સત્સંગિભૂષણ. આ આપણા મુખ્ય શાસ્ત્ર થયા. પછી નંદસંતોની વાતો જેમા ક્યાંય અલંકારો આવે. **મુખ્ય શાસ્ત્રો જ્યાં સુધી અંદર ઉતરશે નહિ ત્યાં સુધી બધું કર્યું કામ પાણીમાં જવાનું છે. આ હકીકત છે.** અને જે સાચી સેવા કરે છે, મને ખબર છે, હરિપ્રકાશ સ્વામી, તમારા ગામનું નામ યાદ કર્યું. એ ગામમાં સંતો જતા બીતા હતા. ગઢિયા વચનામૃત લઈને ઉધડો કાઢી નાખતા. બે પ્રશ્ન પૂછે એ જવાબ ન મળે તો દશા શું થાય ? આજે કોઈ પ્રશ્ન પૂછે તો કહે આને બુધ્ધિ નથી. પ્રશ્ન પૂછો તો બુધ્ધિ નથી એવું નહી ચાલે. ૨૭૩ વચનામૃતમાં તમે જુઓ. મહારાજે સાધુની જાયગામાં જઈને અડધી રાતે સંતોને જગાડયા છે. હરિભક્તોને ભેગા કર્યા છે અને કહ્યું છે, પ્રશ્ન પૂછો. આજે તાકાત છે તમારી પૂછી શકો ? અને પૂછવા જ જોઈએ. નથી કેમ પૂછતા ? **નથી પૂછતા એનો ભોગવટો તમને આવે છે. આ વાસ્તવિકતા કહું છું.** આજે જ્યાં સુધી જીજ્ઞાસાવૃત્તિ પરિપૂર્ણ નહી થાય, સંપૂર્ણ સમજણતા નહી કેળવાય ત્યાં સુધી તમને ભગવાનનો મહિમા કેવી રીતે સમજાશે ? બધું લોલમ લોલ હાલે એ નહી ચાલે.

હું પાંચ જણને ભેગા કરીને કહું કે મારો મહિમા ગાવ. ટોળું ભેગું કરીને હું પણ ભગવાન થઈ જાઉ. **મહારાજે પોતે કહ્યું છે કે, એક માને, બે માને, પાંચ માને અને એમ કરતા કરતા પોતે પણ માનવા માંડે કે હું ભગવાન હોઉં તો હોઉ. અત્યારે આ પરિસ્થિતિ આવીને ઉભી છે.** બાપજીએ વાત કરી કે તક સાધી અને ખીસ્સા કાતરુય આવે છે. માટે એવાને ઓળખી રાખવા અને **હકીકતમાં એક ભગવાનને ઓળખો તો બીજા કોઈને ઓળખવાની જરૂર નથી.** આજે હું અહીં બેઠો છું, કાલે હું પણ નહી હોઉ. આ સનાતન સત્ય કહું છું. હકીકત છે કે નથી ? આ તમે જે મંદિરના સભા મંડપમાં પરંપરાના ફોટા જોવો છો એ બધા અત્યારે બેઠા છે ? પણ આ **લાલ પાઘની ગરિમા છે અને એ ગરિમાં રહેશે રહેશે અને રહેશે. નરનારાયણદેવ દેશમા આ પાઘ વેચાવા નીકળી નથી. આ દેવના બળે કરીને કહું છું. મારા બળે કરીને નથી કહેતો.**

હરિભક્તોએ ખૂબ સેવા કરી છે. સંતો તથા સાંખ્યયોગી બહેનો મોટી સંખ્યામાં છે. અહીં બધા જે ઉભા છે એ બધા તપસ્વીઓ, ઋષિમુનિઓ જ છે. ઉભા ઉભા તપ કરે છે. શું ભાળ્યું છે અહીં ? શુ મળે છે અહીં ? નથી બુંદી મળતી, નથી લાડવા મળતા. તોય ઉભા છે ને ? ભગવાન મળે છે માટે ઉભા છે ! **ભગવાનના બળે કરીને જીવન જીવજો એટલી મારી વિનંતી છે. બાકી બધા નાટક તો ચાલવાના જ છે ?**

આજે તો શિક્ષાપત્રી જયંતી છે. બ્રહ્માનંદ સ્વામીનો જન્મ દિવસ છે. અને વસંતના વધામણા ! આ ત્રણ સંજોગો ભેગા થયા છે, કાયમ થાય છે. અગાઉ પણ મેં કહ્યું હતું, એક કવિએ ગાયું છે, મેરી એસી ચુનરીયા રંગ દે કિ દુજા રંગ ન લગે । મને એવા રંગથી રંગી દો કે જેનાથી બીજો કોઈ રંગ લાગે નહી. ઘણા તો હાથ આડા કરીને આ રંગથી છેટા ભાગતા હોય છે. ક્યાંક એકાદ ટીપું પડી જાય તો મુશ્કેલી થઈ જાય. **અંદર કેટલા ટીપા પડ્યા છે એ જોતા નથી. અંદર તો ડાઘા ને ડાઘા જ છે ! આ તો ઉત્સવનો રંગ છે. ભગવાનની પ્રસાદીનો રંગ, રાધાકૃષ્ણદેવની પ્રસાદીનો રંગ આવવાનો છે એટલું ધ્યાન રાખીએ તો રંગમાં રંગાઈ જવાનું મન થાય.**

વચ્ચે સરકારમા ગયો હતો તો બે દિવસ પહેલાની જ વાત છે, કે **ગુજરાત પ્રાંતમાં મુળીમાં એક આપણું મંદિર અને બીજું માંડવરાયજીનું મંદિર એ બન્ને સ્થાન ટુરિસ્ટ ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડિયામાં સામેલ કરવામાં આવ્યા છે. આ બહુ મોટી વસ્તુ છે. હવે ફોરલેન રસ્તો બનાવવાની જવાબદારી એમની છે. છૂટકો જ નથી.** જન્મ સ્થાન છપૈયા યાત્રાધામ વિકાસ બોર્ડમાં નથી મુકવા દીધું. પણ ટુરિઝમમાં છે, કેમ કે યાત્રાધામ વિકાસ બોર્ડમાં જાય તો પછી એક પથ્થર ખસેડવો હોય તો પણ ફોર્મ ભરવું પડે. તો મૂળી માટે સુવિધાની ગવર્નમેન્ટ સાથે વાત થઈ છે. ફોલોઅપ હું કરીશ, એ મારે જોવાનું છે. પ્રારંભ સ્ટેટથી થશે પછી સેન્ટ્રલ ઉપર જશે. શીદને રહીએ કંગાલ ? આટલું મળ્યા પછી આપણે માંદા થઈને રહીએ ? આ દેવ મળ્યા છે એનાથી કોઈ મોટી વસ્તુ નથી. ટુરિઝમનું તો ઘેર બેઠાય કરી નાખું પણ **ઉત્સવ** થયો એ નિમિત્તે આ જાહેરાત કરી.

ભગવાન જેવા ભગવાન સાથે છે એટલે બધુંય થશે. પણ દીકરા દીકરીઓના સંસ્કાર જળવાઈ રહે એ તકેદારી તમારે રાખવાની છે.

**ઉત્સવમાં જેઓએ ટાઢ ખાધી છે, ઠંડા પાણીએ નહાયા છે. પણ મઝા એની જ છે. યાદ ત્યારે જ રહે. ગાદી તકિયા ગાલ મશૂરિયાની સુવિધામાં યાદ ન રહે અને હું પણ એ જ તંબુમાં હતો. સાત દિવસ સુધી ટાઢા પાણીએ નાહયો છું. તમે એમ ન માનશો કે અમે ખૂબ સારી સુવિધામાં રહ્યા હતા.** ભેગા રહ્યા હોત તો ખબર પડત. પણ અહીં ઘણા સાક્ષીમાં બેઠા છે. ઝાલાવાડની ભાષામાં કહીએ તો લખલખું આવી જાય. અત્યારની પેઢીને લખલખું શબ્દમાં ખબર પણ નહી પડે. પણ **તપ વિના ભગવાન રાજી થતા નથી.**

નાનામાં નાના હરિભક્તોએ પોતાનો સમય આપ્યો છે, પોતાનું ધન આપ્યું છે. મને યાદ છે, બે દિવસ પહેલા જ એક દીકરાએ પોતાના ચિલરની બચતના પૈસા **ઉત્સવ**માં આપ્યા હતા. ધન્ય છે એના માવિતરને કે જેઓએ એવા સંસ્કાર આપ્યા છે. જેને એવો વિચાર આવી શકે છે અને એ વિચારને સંપૂર્ણપણે ન્યાય આપી શકે છે.

હમણા લાલજી મહારાજશ્રીએ વાત કરી કે ૨૦૦ વર્ષના આ **ઉત્સવ**થી હવે નવા યુગનો પ્રારંભ થાય છે ત્યારે અમે પણ સંતોને ભલામણ કરીએ છીએ કે ગામડે ગામડે વિચરણ કરવાનું શરૂ કરી દો. રૂમો પછી થશે. **આજે એક એક માણસને ભગવાન અને ભગવાનની વાતનો ખપ છે. એ ખપ પૂરો ન થાય તો માણસ ક્યાં જાય ? પછી જ્યાં ત્યાં ડાફોળિયા મારે અને જ્યાં ત્યાંથી જેવું મળે એવું ઉઠાવે ! વાંક કોઈનો નથી, વાંક આપણો છે. સ્વીકૃતિ કરતા શીખીએ. મંદિરના થાંભલા સાચવીને બેસવાનું નથી. થાંભલા પડી નહી જાય. ૨૦૦ વર્ષથી ઉભા છે અને હજુ ૨૦૦ વર્ષ ઉભા રહેશે, ચિંતા નથી પણ ગામડા સાચવવાના છે. ગામડાનો હું હિમાયતી છું.** મૂળી પ્રાંતના ૩૮૦ ગામડાઓ છે. એક એક ગામડામાં એક એક ઘેર હું ગયો છું. અને હજુ જવાનો પણ છું, કહીને આવ્યો છું. ઝાલાવાડ એમનમ મૂકી નથી દેવાનું કંઈ ! **ઉત્સવ** પુરો થયો એટલે પુરુ થઈ ગયું ! ના, હવે તો પ્રારંભ થયો છે. **એટલે ભગવાનની, રાધાકૃષ્ણદેવની ખૂબ ખુમારી રાખજો. જ્યાં ત્યાં માથા પછાડતા નહી ખોટા પોદળામાં હાંઠા નાખશો નહી.** પહેલા પણ કીધું હતું. સમજદાર હોય એ સમજે, ન સમજે તો કંઈ નહી. તમારી ભાષામાં વાત કરી છે તો પણ ૫૦% માણસોને સમજણ નહીં પડી હોય ! **ધર્માદો દેવ સિવાય ક્યાંય પણ ન જવો જોઈએ, Finish ! ધર્માદાનો એક દાણો પણ દેવ સિવાય જો ક્યાયં ગયો તો એનો મોક્ષ થાય નહિ. મુક્તિ થાય નહિ એ વાત નક્કી છે. લખીને આપી દઉં. ધર્માદાનું આડું અવળું કરો પછી દુઃખી થઈને આવો, કરગરો પછી એની જવાબદારી અમારી નહિ. ધર્માદો દેવનો જ હોય. શિક્ષાપત્રીમાં મહારાજે ધર્માદો દેવને અર્પણ કરવાની આજ્ઞા કરી હોય ત્યારે અમને પણ એવું કહેવાનો અધિકાર નથી કે ધર્માદો અહી નહી, અહીં આપો. તો પછી ક્યા બાપના સંતાનનો અધિકાર છે કે લાવો, આટલો ધર્માદો અમને આપી દો. એવાને તો ત્યાં ને ત્યાંજ ટીચકારવા જોઈએ. તમારું મેન્ટલ મેનિપ્યુલેશન થાય છે. માનસિક રીતે તમને ધોઈ નાખે છે. માટે ધોવાશો નહી. ખુમારી રાખજો. ધર્માદાનો એક રૂપિયો હોય કે અનાજનો એક દાણો હોય કે પછી સમય હોય અને તેથી આગળ આપણા ડગલા એ પણ ધર્માદામાં ગણાય છે એ દેવ સિવાય ક્યાંય ન જાય તો એ ભગવાન નો ભગત સાચો કહેવાય છે. બાકી તો પછી ઈ માંહીલો જાણવો.** માટે મોઝ કરો, લાડવા ખાવ પણ મર્યાદામાં રહીને. હવે આપણે રાધાકૃષ્ણદેવનો પ્રસાદીનો રંગ ઉડાડવા પ્રસ્થાન કરીએ. બધાનું સપરિવાર ખૂબ રૂડું કરે એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.



# SHREE SWAMINARAYAN TEMPLE - KALUPUR
## BANK DETAILS FOR ONLINE / CHEQUE DONATION PURPOSE

**STATE BANK OF INDIA**
NAVRANGPURA BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME -
SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 62303101798
IFSC : SBIN0003096
MICR CODE : 380 002 029

**INDIAN BANK**
G S HIGH WAY BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME -
SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 50379847476
IFSC : IDIB000G523
MICR CODE : 380 019 038

**BANK OF INDIA**
RELIEF ROAD BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME -
SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 201310100027259
IFSC : BKID0002013
MICR CODE : 380 013 027


શ્રી સ્વામિનારાયણ માસિક પ્રકાશનની માલિકી અંગેની માહિતી.

From-IV (see Rule : 8)

| | | | |
|---|---|---|---|
| ૧. | **પ્રકાશન સ્થળ** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧ |
| ૨. | **પ્રકાશન સમય** | : | માસિક દર મહિને |
| ૩. | **મુદ્રકનું નામ** | : | મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૪. | **તંત્રીનું નામ** | : | મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૫. | **માલિક (સંસ્થાપક)** | : | **શ્રી નરનારાયણ દેવની ગાદીના અધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |

હું શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

**સહી : શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, મહંત સ્વામી**

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧

(પ્રકાશકની સહી)

॥श्री स्वामिनारायणो विजयतेतराम्॥

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ આયોજીત

# श्री नरनारायणदेव द्विशताब्दी महोत्सव-भुज

૧૮ એપ્રિલ ૨૦૨૩, ચૈત્ર વદ ૧૩, મંગળવાર થી ૨૬ એપ્રિલ ૨૦૨૩ વૈશાખ સુદ ૬, બુધવાર



## આમંત્રણ પત્રિકા

અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ
અહૈતુકી દયા કરનારા
અનંતકલ્યાણકારી ગુણોના સાગર
એટલે આપણા આરાધ્ય ઈષ્ટદેવ
શ્રીનરનારાયણદેવ.
આવા દેવનો દ્વિશતાબ્દી મહોત્સવ
એટલે આપણો મહોત્સવ

મહોત્સવ સ્થળ : ''બદ્રિકાશ્રમ'' શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, મિરઝાપર રોડ, ભુજ - કચ્છ.

## ।। श्रीनरनारायणदेव पाहि माम् ।।

સ્વસ્તિ શ્રી........................................ મધ્યે મહાશુભસ્થાને, પરમ પવિત્ર શ્રીસહજાનંદસ્વામીના પરમ ઉપાસક એવં શ્રીજીમહારાજ કૃત ધર્મ, મર્યાદા પાલન તત્પર, સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા ભક્તિ આદિ ગુણ સંપન્ન, દેવ, આચાર્ય, સંત, સત્સંગ, સેવા પરાયણ, શ્રીજીમહારાજના પરમ લાડીલા સત્સંગ શિરોમણી પ.ભ.......................................................................................................................... પ્રત્યે

અત્રે શ્રીનરનારાયણદેવના ચરણકમળ સાન્નિધ્ય શુભસ્થાન શ્રી ભુજનગરથી તમોને હરહંમેશ યાદ કરનારા લી. મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ.ગુ.પુ. સ્વામી ભગવદ્‌જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી સનાતનદાસજી, સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી, સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી, સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી જગતપાવનદાસજી, સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી, સ.ગુ. પુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી, સ.ગુ. પુ. સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ. પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી રામસ્વરૂપદાસજી, સ.ગુ. શા. સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સ.ગુ. પુ. સ્વામી કેશવજીવનદાસજી, સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી જગજીવનદાસજી, શા. સ્વામી નારાયણમુનિદાસજી, કોઠારી સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી શા. સ્વામી દેવસ્વરૂપદાસજી આદી સર્વે સંતમંડળ, મહિલા મંદિરના મહંત સાં.યો. સામબાઈ ફઈ આદી કચ્છના સમસ્ત સાં.યો. બહેનો, મુખ્ય કોઠારી મુરજીભાઈ કરસન શીયાણી, ઉપકોઠારી જાદવજીભાઈ વિશ્રામ ગોરસીયા, સલાહકાર રામજીભાઈ દેવજી વેકરીયા આદી ટ્રસ્ટીમંડળ તથા યશસ્વી યજમાનશ્રીઓના સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વ્હાલા ભક્તજનો... વિક્રમ સંવત ૧૮૭૯ વૈશાખ સુદ પાંચમના દિવસે ભગવાન શ્રીહરિએ અનહદકૃપા કરીને સ્વહસ્તે ભુજમાં શ્રીનરનારાયણદેવ પ્રસ્થાપિત કરી આપ્યા. કચ્છના ભક્તોને શ્રીનરનારાયણદેવ પ્રાપ્ત થતાં જાણે મરૂભૂમિમાં ભક્તિનું મેઘધનુષ રચાયું. ભક્તો જ્યારથી શ્રીનરનારાયણદેવને આશ્રિત થયા ત્યારથી તેમના જીવનના અનેક દુઃખો, પીડાઓ અને સંશયો નાશ પામ્યા છે. જેના પ્રત્યક્ષ ઉદાહરણોની હારમાળા જોવા મળે છે. સ્વયં સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણે જે દેવની પ્રતિષ્ઠા કરી હોય તે દેવના તો દર્શન માત્રથી જ આ લોક અને પરલોકના દુઃખો નાશ પામે તેમા કોઈ

સંશયને સ્થાન નથી. જ્યાં સુકી ધરતી ફાટ ફાટ કરતી હોય ત્યાં શ્રીનરનારાયણદેવના પ્રતાતે કરીને ધરતી લીલીછમ ચાદર ઓઢે એ તો આંખે જોયેલા પરચા જેવું છે. આજે પણ શ્રીનરનારાયણદેવની ધજા ચડાવવા માત્રથી જ ભક્તોના દુ:ખ દૂર થાય છે. કચ્છ પ્રદેશની સુખ, શાંતિ અને સમૃદ્ધિમાં શ્રીનરનારાયણદેવનો જ પ્રતાપ રહેલો છે. રણ વિસ્તારમાં અમૃતના પરબસમુ આ દિવ્ય મંદિર અને તેમાં પણ જેના દર્શનથી હૈયે હરખ ન માય તેવા રાજાધિરાજ શ્રી નરનારાયણદેવ. પ્રભુની કૃપાદ્રષ્ટિથી ૨૦૦ વર્ષના ઈતિહાસમાં કચ્છની અભૂતપૂર્વ કાયાપલટ થઈ. શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠાને ૨૦૦ વર્ષ પૂર્ણ થતા **શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ તા. ૧૮-૦૪-૨૦૨૩, ચૈત્ર વદ તેરસથી ૨૬-૦૪-૨૦૨૩, વૈશાખ સુદ છઠ્ઠ** સુધી ઉજવવા જઈ રહ્યા છીએ. આ અમૃત સરીખા ભક્તિના મહાસાગરમાં તરબતર થવા આપણે સૌ ઉત્સુક છીએ.

વ્હાલા સત્સંગીબંધુઓ....આ ભવ્ય મહોત્સવમાં શ્રીનરનારાયણદેવ પીઠાધિશ્વર પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા પ.પૂ. ગાદીવાળાશ્રી, અ.સૌ લક્ષ્મીસ્વરૂપા પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી દર્શનનું સુખ આપશે. દેશ-વિદેશથી અનેક ભક્તજનો પોતાના જીવનને પાવન કરવા પધારવાના છે તેમજ હિન્દુ સનાતન ધર્મના પૂજનીય સંતો મહંતો, રાજકીય મહાનુભાવો સહિત વિશિષ્ટ અતિથિઓ પધારશે. આ દિવ્ય મહોત્સવ અંતર્ગત અનેક આયોજનો થઈ રહ્યા છે તેમજ મહોત્સવ દરમ્યાન **શ્રીમદ્ સત્સંગિજીવન નવાહ્ન કથા પારાયણ**, અનેકવિધ પ્રદર્શનો, મહાપૂજા, વેદપારાયણ, બાલ પારાયણ, ૨૦૦ કુંડી શ્રીમહાવિષ્ણુયાગ તેમજ રાત્રિકાર્યક્રમો આયોજીત થવાના છે. આ મહોત્સવમાં આપણે સહપરિવાર પધારીને સત્સંગ, સેવા, સંસ્કૃતિ, સદ્‌વિદ્યા, સદ્‌વિચાર, સદ્‌ભાવના અને સત્કર્મના મહાસાગરમાંથી મહદ્‌અંશે પીયુષપાન કરવા, ભગવાન શ્રીનરનારાયણદેવની અસીમકૃપા તેમજ રાજીપો મેળવવા આપ સૌને હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

**આ દિવ્ય મહોત્સવમાં કચ્છના સમસ્ત સાંખ્યયોગી બહેનોને પધારવાનું હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.**

લી. સદ્‌ગુરૂ મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી એવં સર્વે સંતમંડળ તથા ટ્રસ્ટ્રીમંડળના ભાવભર્યાં જયશ્રી સ્વામિનારાયણ વાંચશોજી.

# મંગળ કાર્યક્રમ

**તા.૧૮-૪-૨૦૨૩ ચૈત્ર વદ ૧૩, મંગળવાર**

સ્થાપન પૂજન : સવારે ૭-૦૦ થી ૮-૦૦

મહાપૂજા : સવારે ૭-૦૦ કલાકે

૨૦૦ કૂંડી મહાવિષ્ણુ યજ્ઞ : સવારે ૭-૦૦ કલાકે

ચતુર્વેદ પારાયણ પ્રારંભ : સવારે ૮-૦૦ સ્મૃતિ મંદિર

બાલ પારાયણ : સવારે ૮-૦૦ કલાકે બાલ મંડપમ્

દીપ પ્રાગટ્ય : સવારે ૯-૦૦ કલાકે

કથા પ્રારંભ : સવારે ૯-૧૫ કલાકે

કથા : બપોરે ૩-૩૦ કલાકે

શ્રી નરનારાયણદેવ પૂજન સાંજે ૫-૩૦ કલાકે

રાત્રી કાર્યક્રમ : રાત્રે ૮-૩૦ કલાકે

**તા.૧૯-૪-૨૦૨૩ ચૈત્ર વદ ૧૪, બુધવાર**

શ્રી સ્વામિનારાયણ સેવા આશ્રમ ઉદ્‌ઘાટન સવારે ૮-૦૦કલાકે

કથા : સવારે ૮-૩૦ અને બપોરે ૩-૩૦ કલાકે

શ્રી ઘનશ્યામ જન્મોત્સવ : સાંજે ૫-૩૦ કલાકે

રાત્રી કાર્યક્રમ : રાત્રે ૮-૩૦ કલાકે

**તા.૨૦-૪-૨૦૨૩ ચૈત્ર વદ ૩૦, ગુરૂવાર**

કથા : સવારે ૮-૩૦ અને બપોરે ૩-૩૦ કલાકે

રાત્રી કાર્યક્રમ : રાત્રે ૮-૩૦ કલાકે

**તા.૨૧-૪-૨૦૨૩ વૈશાખ સુદ ૧, શુક્રવાર**

કથા : સવારે ૮-૩૦ અને બપોરે ૩-૩૦ કલાકે

ભુજ આગમન મહોત્સવ : સાંજે ૫-૩૦ કલાકે

રાત્રી કાર્યક્રમ : રાત્રે ૮-૩૦ કલાકે

**તા.૨૨-૪-૨૦૨૩ વૈશાખ સુદ ૨, શનિવાર**

કથા : સવારે ૮-૩૦ અને બપોરે ૩-૩૦ કલાકે

રાત્રી કાર્યક્રમ : રાત્રે ૮-૩૦ કલાકે

**તા.૨૩-૪-૨૦૨૩ વૈશાખ સુદ ૩, રવિવાર**

કથા : સવારે ૮-૩૦ અને બપોરે ૩-૩૦ કલાકે

મહાભિષેક કળશયાત્રા : સાંજે ૬-૦૦ કલાકે

રાત્રી કાર્યક્રમ : રાત્રે ૮-૩૦ કલાકે

**તા.૨૪-૪-૨૦૨૩ વૈશાખ સુદ ૪, સોમવાર**

કથા : સવારે ૮-૩૦ અને બપોરે ૩-૩૦ કલાકે

શોભાયાત્રા : બપોરે ૧-૩૦ કલાકે

રાત્રી કાર્યક્રમ : રાત્રે ૮-૩૦ કલાકે

**તા.૨૫-૪-૨૦૨૩ વૈશાખ સુદ ૫, મંગળવાર**

મહાભિષેક : સવારે ૬-૦૦ કલાકે

અન્નકૂટ : સવારે

કથા : સવારે ૮-૩૦ અને બપોરે ૩-૩૦ કલાકે

રાત્રી કાર્યક્રમ : રાત્રે ૮-૩૦ કલાકે

**તા.૨૬-૪-૨૦૨૩ વૈશાખ સુદ ૬, બુધવાર**

કથા : સવારે ૮-૩૦

ઉત્સવ સમાપન સમારોહ : બપોરે ૧૨-૦૦ કલાકે

મહારાજોપચાર પૂજા : બપોરે ૩-૦૦ કલાકે

સ્વયં સેવક સભા : બપોરે ૩-૩૦ કલાકે

રાત્રી કાર્યક્રમ : રાત્રે ૮-૩૦ કલાકે

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

# રાષ્ટ્ર ધ્વજ વંદના







આપણાં ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ)મંદિર દ્વારા નૂતન સહજાનંદ કોમ્પ્લેક્ષના ઉદ્‌ઘાટન પ્રસંગે ડૉ. કાંતિભાઈ પટેલનું સન્માન કરતા સંતો

Registered under RNI la - GUJ GUJ/2007/20221 " Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. 003 / 2021 - 2023 Valid up to 31-12-2023 issued by the SSPO's License to post without Prepayment No. PMG/NG/028/2021/2023 Valid up to 31-12-2023

